શુક્રવાર, 23 જાન્યુઆરી, 2026 મહા સુદ પાંચમ | વડોદરા થી દર શુક્રવારે પ્રસિદ્ધ થતું નિડર અને નિષ્પક્ષ અખબાર | ન્યાય ક્ષેત્રે વડોદરા રહેશે.




# દૈનિક પલ્સ

દૈનિક પલ્સ સાથે આગળ રહો....

મલિક, મુદ્રક, પ્રકાશક, તંત્રી : પ્રકાશ જગદીશ રાવલ ✻ મો :૯૯૦૯૯૧૧૧૭૫ ✻ RNI NO : GJGUJ/25/A1447 ✻ Vist : www.dailypulse.org.in
રજીસ્ટર ઑફિસે : ૧૧/૩ સિદ્ધેશ્વર હોલમાર્ક, અજવા રોડ, વડોદરા ૩૯૦૦૧૯ ✻ Follow : @dailypulsenews24 ✻ દૈનિક સોશ્યિલ આવૃત્તિ ✻ કિંમત : મફત

## સોના અને ચાંદીના ભાવમાં મોટો કડાકો: ચાંદીમાં ₹19,000 અને સોનામાં ₹3,000નો ઘટાડો

કિંમતી ધાતુઓના બજારમાં આજે એક મોટો વળાંક જોવા મળ્યો છે. છેલ્લા લાંબા સમયથી ચાલી આવતી તેજીના રથ પર આજે બ્રેક લાગી છે. ગુરુવાર, ૨૨ જાન્યુઆરીના રોજ સોના અને ચાંદીના ભાવમાં ભારે ઘટાડો નોંધાયો છે, જેનાથી ગ્રાહકો અને રોકાણકારોમાં ચર્ચા જાગી છે. ઇન્ડિયન બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનના અહેવાલ મુજબ, ચાંદીના ભાવમાં પ્રતિ કિલો ₹19,000 અથવા 5% જેટલો મોટો ઘટાડો થયો છે.

આજે સવારે ચાંદી ₹3,03,584 પર ટ્રેડિંગ માટે ખુલી હતી, પરંતુ બજાર બંધ થતા સુધીમાં તે ₹2,99,711 પર પહોંચી ગઈ હતી. ગઈકાલે એટલે કે બુધવારે ચાંદી ₹3,19,097 પર બંધ થઈ હતી અને દિવસ દરમિયાન ₹3,20,075ની સર્વોચ્ચ સપાટી બનાવી હતી. સોનાની વાત કરીએ તો, તે ₹3,099 ઘટીને ₹1,51,128 પ્રતિ ૧૦ ગ્રામ થયું છે. અગાઉના દિવસે સોનાએ ₹1,55,204ની ઉચ્ચતમ સપાટી નોંધાવી હતી.

**૧. નફાખોરી (Profit Booking):** સોના-ચાંદીમાં આવેલી સતત તેજી પછી રોકાણકારોએ પોતાનો નફો વસૂલવાનું શરૂ કર્યું છે, જેના કારણે બજારમાં વેચવાલી વધી છે.

**૨. શેરબજારમાં તેજી:** શેરબજારમાં રિકવરી આવતા રોકાણકારો સુરક્ષિત રોકાણ ગણાતા સોનામાંથી નાણાં કાઢીને ઇક્વિટી માર્કેટ તરફ વળ્યા છે. ૩. વૈશ્વિક પરિબળો: ભૂ-રાજકીય તણાવમાં થયેલો ઘટાડો કિંમતી ધાતુઓના ભાવ પર દબાણ લાવી રહ્યો છે.

વર્ષ ૨૦૨૫ સોના અને ચાંદી માટે 'ગોલ્ડન યર' સાબિત થયું હતું. ૨૦૨૫માં સોનું 75% મોંઘું થયું હતું. ૨૦૨૪ના અંતે સોનું ₹76,162 હતું જે ૨૦૨૫ના અંતે ₹1,33,195 પર પહોંચ્યું હતું. ચાંદીએ તો તમામ રેકોર્ડ તોડતા 167% વળતર આપ્યું હતું અને ₹86,017 થી વધીને ₹2,30,420 થઈ ગઈ હતી.

રોકાણકારો માટે સલાહ: બજારના નિષ્ણાતોનું માનવું છે કે હાલમાં નફાખોરીનો દોર ચાલી રહ્યો છે, તેથી કિંમતોમાં હજુ પણ ઘટાડો થવાની સંભાવના છે. નવી ખરીદી કરનારાઓએ થોડા દિવસો 'થોભો અને જુઓ'ની નીતિ અપનાવવી જોઈએ. જોકે, જેમણે લાંબા ગાળા માટે રોકાણ કર્યું છે તેમણે ગભરાઈને વેચવાલી કરવાની જરૂર નથી. રોકાણ માટે અત્યારે ફિઝિકલ સોના ઉપરાંત ગોલ્ડ ETF પણ એક સારો વિકલ્પ છે.




**સોના-ચાંદીના ભાવમાં આજે મોટો ઘટાડો જોવા મળ્યો છે. ચાંદી ₹19,000 ઘટીને ₹2,99,711 પર પહોંચી છે, જ્યારે સોનું ₹3,099 ઘટીને ₹1,51,128 પ્રતિ 10 ગ્રામ થયું છે. બજારમાં નફાખોરી અને શેરબજારની તેજીને કારણે આ ઘટાડો થયો છે.**

## થર્મલ: શૈક્ષિક મહાસંઘનો કર્તવ્ય બોધ અને કારોબારીની જાહેરાત

**દૈનિક પલ્સ સમાચાર:** ગળતેશ્વર તાલુકા પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ દ્વારા થર્મલ ખાતે 'કર્તવ્ય બોધ' કાર્યક્રમ અંતર્ગત રાષ્ટ્ર વિભૂતિઓને અંજલિ આપી શિક્ષકોના સામાજિક ઉત્તરદાયિત્વ પર ભાર મૂકવામાં આવ્યો હતો. સરસ્વતી વંદના અને દીપ પ્રાગટ્ય સાથે શરૂ થયેલા આ કાર્યક્રમમાં સ્વામી વિવેકાનંદ અને સુભાષચંદ્ર બોઝના આદર્શોને યાદ કરવામાં આવ્યા હતા. મુખ્ય અતિથિ અરુણભાઈ જોશીએ શિક્ષકોને માતૃભૂમિ પ્રત્યેના કર્તવ્યની સમજ આપી હતી, જ્યારે જિલ્લા સંઘચાલક પ્રણવભાઈ ભટ્ટે બાળ ઘડતરમાં શિક્ષકની ભૂમિકા વિશે પ્રેરણાદાયી વક્તવ્ય આપ્યું હતું. સંઘના શતાબ્દી વર્ષ નિમિત્તે 'પંચ પરિવર્તન'ના મુદ્દાઓ પર પણ ચર્ચા કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં અંદાજે ૧૭૫ જેટલા શિક્ષકો હાજર રહ્યા હતા. અંતિમ ચરણમાં, સંગઠન દ્વારા વર્ષ ૨૦૨૬-૨૭ માટે નવી તાલુકા કારોબારીની રચના કરવામાં આવી હતી. સમગ્ર સંચાલન અશ્વિનભાઈ ઠાકરે કર્યું હતું અને વંદે માતરમ્ ના ગાન સાથે કાર્યક્રમ સંપન્ન થયો હતો.



## વડોદરા: કમાટીબાગમાં 53મો બાળમેળો 'સયાજી કાર્નિવલ' યોજાશે

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરાની શૈક્ષણિક ગરિમા સમાન નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા આ વર્ષે 53માં બાળમેળાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. 'સયાજી કાર્નિવલ 2026' ના નામે ઓળખાતો આ ઉત્સવ આગામી 24, 25 અને 26 જાન્યુઆરીના રોજ સયાજીબાગ (કમાટીબાગ) ખાતે યોજાશે. વર્ષ 1953 થી શરૂ થયેલી આ પરંપરા આજે વડોદરાની ઓળખ બની ગઈ છે. આ મેળાનો પ્રારંભ 23મી જાન્યુઆરીએ સાંજે 5 કલાકે ઉદ્ઘાટન સમારોહથી થશે. આ પ્રસંગે રાજ્ય કક્ષાના મંત્રી ડો. મનીષાબેન વકીલ અને મંત્રી કમલેશભાઈ પટેલ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે. કાર્યક્રમની વિશેષતા એ છે કે તેનું સંચાલન ખુદ બાળકો દ્વારા ભવાઈ શૈલીમાં કરવામાં આવશે, જેમાં સામાજિક વિષયોની પ્રસ્તુતિ હશે.

કાર્નિવલમાં વડોદરાની કુલ 121 પ્રાથમિક શાળાઓ, 10 માધ્યમિક શાળાઓ અને 100 જેટલી બાલવાડીઓના વિદ્યાર્થીઓ પોતાની પ્રતિભા બતાવશે. ત્રણ દિવસ દરમિયાન કુલ 112 જેટલી કૃતિઓ રજૂ થશે, જેમાં શૌર્ય પ્રદર્શન, મલખમ નિદર્શન, યોગ પિરામિડ, લીઝીમ, ડમ્બેલ્સ અને તલવારબાજી જેવા સાહસિક કરતબોનો સમાવેશ થાય છે. સાંસ્કૃતિક સ્ટેજ પર થીમ ડાન્સ, ફ્યુઝન ડાન્સ, ફોક ડાન્સ, રાસ-ગરબા અને રાજસ્થાની નૃત્યની ધૂમ મચશે.

મનોરંજન માટે 'ફનફેર' વિભાગમાં રિંગ ટોસ અને બકેટ બોલ જેવી પ્રવૃત્તિઓ છે, જ્યારે જ્ઞાનવર્ધક પ્રવૃત્તિઓમાં અંતાક્ષરી, KBG (કૌન બનેગા જ્ઞાનપતિ) અને ટેલેન્ટ હન્ટ સ્પર્ધાઓ યોજાશે. નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન આદિત્ય પટેલે જણાવ્યું હતું કે, બાળકોના સર્વાંગી વિકાસ માટે આ કાર્નિવલ એક ઉત્તમ પ્લેટફોર્મ છે. વડોદરાના નગરજનો દરરોજ સવારે 8:00 થી રાત્રિના 8:00 વાગ્યા સુધી આ મેળાની મુલાકાત લઈ શકશે અને બાળકોની મહેનતને બિરદાવી શકશે.



## BCA ચૂંટણીમાં જંગ જામશે: રોયલ અને સત્યમેવ જયતે ગ્રુપનું પ્રણવ અમીન સામે ગઠબંધન

**દૈનિક પલ્સ સમાચાર:** બરોડા ક્રિકેટ એસોસિએશન (BCA) ની આગામી ચૂંટણીએ વડોદરામાં રમતગમતની સાથે રાજકીય ગરમાવો પણ લાવી દીધો છે. લાંબા સમયથી ચાલી રહેલી અટકળોનો અંત આવ્યો છે અને રોયલ ગ્રુપ તથા સત્યમેવ જયતે ગ્રુપે એક થઈને પ્રણવ અમીનના રિવાઈવલ જૂથને પડકારવાની સત્તાવાર જાહેરાત કરી છે. ૧૫ ફેબ્રુઆરીના રોજ યોજાનારી આ ચૂંટણી વડોદરા ક્રિકેટના ઇતિહાસમાં યાદગાર બની રહેશે.

આજે યોજાયેલી બેઠકમાં મહારાજા સમરજીતસિંહ ગાયકવાડ અને ડો. દર્શન બેન્કરના નેતૃત્વ હેઠળના ગઠબંધને પોતાનું શક્તિ પ્રદર્શન કર્યું હતું. આ વખતે જંગ સીધો પ્રણવ અમીન જૂથ અને સમરજીતસિંહ જૂથ વચ્ચે છે. ગઠબંધન તરફથી પ્રમુખપદ માટે ડો. દર્શન બેન્કરનું નામ નક્કી કરાયું છે, જ્યારે પ્રણવ અમીન જૂથે પૂર્વ દિગ્ગજ ક્રિકેટર કિરણ મોરેને ઉમેદવાર બનાવ્યા છે. સમરજીતસિંહે સ્પષ્ટતા કરી હતી કે તેઓ પહેલા પ્રણવ અમીન સાથે હતા, પરંતુ ક્રિકેટના હિતમાં અને વધુ પારદર્શકતા લાવવા




માટે તેમણે આ નવો માર્ગ પસંદ કર્યો છે. આ ગઠબંધનના મુખ્ય મુદ્દાઓમાં વડોદરાના ક્રિકેટરોને આંતરરાષ્ટ્રીય સ્તરે ઓળખ અપાવવી અને એસોસિએશનમાં ન્યાયી વહીવટ સ્થાપિત કરવાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, ભાવનાત્મક મુદ્દો ઉઠાવતા ડો. બેન્કરે જણાવ્યું હતું કે જો તેઓ સત્તામાં આવશે તો સ્ટેડિયમનું નામ મહારાજા સયાજીરાવ સ્ટેડિયમ રાખવાની દરખાસ્ત લાવશે. બેઠકમાં પૂર્વ ક્રિકેટરો જેકોબ માર્ટિન અને કોનોર વિલિયમ્સની હાજરીએ આ જૂથને વધુ બળ પૂરું પાડ્યું છે. BCA માં કુલ ૧૮૦૦ સભ્યો છે, જેમના મત ૧૫ ફેબ્રુઆરીએ વડોદરા ક્રિકેટનું ભાવિ નક્કી કરશે. પ્રણવ અમીન સામે આ વખતે મોટો પડકાર છે કારણ કે અનેક પૂર્વ હોદ્દેદારો હવે રોયલ-સત્યમેવ જયતે ગઠબંધન સાથે જોડાયા છે. ક્રિકેટિંગ મેટર્સને પ્રાથમિકતા આપવાના વચન સાથે આ નવું ગઠબંધન સત્તા પર આવવા માટે આશાવાદી છે.

## રીવાબા જાડેજાની વડોદરા મુલાકાત: શિક્ષણ અને પોષણ પર ભાર

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરાના શૈક્ષણિક પ્રવાસે આવેલા રાજ્ય કક્ષાના શિક્ષણ મંત્રી રીવાબા જાડેજાએ આજે સરકારી શાળાઓ અને હોસ્ટેલની મુલાકાત લઈ શિક્ષણ અને દીકરીઓના સ્વાસ્થ્ય અંગે મહત્વનું માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. મંત્રીએ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત શાળાઓમાં બાળકો સાથે મધ્યાહન ભોજન લીધું હતું અને આ મુલાકાતને બાળકો સાથે જોડાવવાની એક સુવર્ણ તક ગણાવી હતી.

ખોડિયારનગર ખાતેની KGBV હોસ્ટેલની મુલાકાત દરમિયાન તેમણે દીકરીઓ સાથે સંવાદ કર્યો હતો. મંત્રીએ નોંધ્યું હતું કે છેવાડાના વિસ્તારની દીકરીઓ અહીં ખૂબ સરસ શિક્ષણ મેળવી રહી છે. તેમણે હોસ્ટેલના મેનેજમેન્ટની પ્રશંસા કરતા કહ્યું કે અહીં મહિલાઓ દ્વારા ચલાવવામાં આવતી સિસ્ટમમાં દીકરીઓને ઘર જેવું સુરક્ષિત વાતાવરણ મળી રહ્યું છે.

સ્વાસ્થ્યના પાસા પર ભાર મૂકતા મંત્રીએ જણાવ્યું કે, "ગુજરાત જ્યારે કુપોષણ સામે સંઘર્ષ કરી રહ્યું છે, ત્યારે દીકરીઓમાં એનીમિયા અને થેલેસેમિયા જેવી સમસ્યાઓ અટકાવવી જરૂરી છે." તેમણે રસોઈમાં સરગવા (મોરિંગા) ના પાનનો ઉપયોગ કરવાની સલાહ આપી હતી, જે કુદરતી રીતે હિમોગ્લોબિન વધારે છે. થેપલા, દાળ કે રોટલીમાં સરગવાના પાન ઉમેરીને બાળકોને પોષણયુક્ત આહાર આપવા માટે તેમણે સ્ટાફને પ્રોત્સાહિત કર્યા હતા. અંતે જિલ્લા શિક્ષણાધિકારી સાથે રિવ્યૂ બેઠક યોજીને માળખાકીય સુવિધાઓ અને શિક્ષણની ગુણવત્તા વધારવા માટે જરૂરી દિશા-નિર્દેશો આપ્યા હતા.



# આંકલાવના અંબાવ ગામે ભ્રષ્ટાચાર સામે લડનાર ખેડૂતનું વડોદરામાં કરુણ મોત

## આંકલાવ: આત્મવિલોપન કરનાર ખેડૂત ભરત પઢિયારનું મોત

**દૈનિક પલ્સ સમાચાર:** આણંદના આંકલાવમાં ભ્રષ્ટાચાર વિરુદ્ધની લડાઈનો કરુણ અંત આવ્યો છે. અંબાવ ગામના ખેડૂત ભરતભાઈ પઢિયાર, જેમણે ગામની પંચાયતમાં ચાલતી ગેરરીતિઓ સામે અવાજ ઉઠાવ્યો હતો, તેમનું આજે વડોદરાની સયાજી હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત થયું છે.

આ સમગ્ર ઘટનાની શરૂઆત પંચાયતના ભ્રષ્ટાચારની ફરિયાદોથી થઈ હતી. ભરતભાઈએ જિલ્લાથી લઈને મુખ્યમંત્રી કાર્યાલય સુધી અનેક અરજીઓ કરી હતી. ન્યાય ન મળતા તેમણે મીડિયા સમક્ષ પોતાની વ્યથા ઠાલવી હતી. ભરતભાઈના આક્ષેપ મુજબ, જે દિવસે તેમણે નિવેદન આપ્યું તે જ દિવસથી તેમને ધમકીઓ મળવાની શરૂ થઈ હતી. તેમણે હોસ્પિટલમાંથી જણાવ્યું હતું કે, જ્યારે તેઓ દળણું દળાવવા ગયા હતા ત્યારે મહિલા સરપંચ કોકિલાબેન, તેમના પતિ દિનેશભાઈ અને પુત્ર સહિતના લોકોએ તેમને ઘેરી લીધા હતા અને માર મારીને સળગાવી દીધા હતા. પરંતુ, ઘટનાસ્થળના જે વીડિયો બહાર આવ્યા છે તે કંઈક અલગ જ વાર્તા કહી રહ્યા છે. એક વીડિયોમાં કારમાં ભાગી રહેલા લોકો કહી રહ્યા છે કે "એની જાતે સળગ્યો છે, અમે કશું કર્યું નથી." બીજા એક વીડિયોમાં સ્પષ્ટ દેખાય છે કે ખેડૂત જાતે જ પોતાની જાત પર પદાર્થ છાંટી દિવાસળી ચાંપે છે. આ વિરોધાભાસી પુરાવાઓએ પોલીસ તપાસને જટિલ બનાવી દીધી છે.

પોલીસે શરૂઆતમાં ખેડૂતના નિવેદનના આધારે સરપંચ સહિત પાંચ લોકો સામે હત્યાના પ્રયાસની કલમ હેઠળ તપાસ શરૂ કરી હતી. હવે ભરતભાઈના અવસાન બાદ પોલીસ આ કેસને નવી કલમો હેઠળ તપાસશે. મૃતક ખેડૂતનો પરિવાર ન્યાયની માંગ કરી રહ્યો છે, જ્યારે બીજી તરફ વીડિયો પુરાવાઓ આત્મહત્યા તરફ ઈશારો કરે છે. સત્ય શું છે તે તો હવે પોલીસ તપાસ અને પોસ્ટમોર્ટમ રિપોર્ટ બાદ જ બહાર આવશે. આ ઘટનાએ ગ્રામીણ રાજકારણ અને ભ્રષ્ટાચાર સામે લડતા સામાન્ય માણસની લાચારીને ફરી એકવાર સપાટી પર લાવી દીધી છે.

**આણંદના આંકલાવ તાલુકાના અંબાવ ગામના ખેડૂત ભરતભાઈ પઢિયારનું વડોદરાની સયાજી હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત થયું છે. પંચાયતમાં ભ્રષ્ટાચારની રજૂઆત બાદ તેમણે આત્મવિલોપન કર્યું હતું. આ મામલે પોલીસે સરપંચ સહિત પાંચ લોકો સામે તપાસ હાથ ધરી છે.**

# સયાજીગંજમાં રસ્તા વચ્ચે દારૂ પીનારા કાર ચાલકની ધરપકડ

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરાના હૃદય સમાન સયાજીગંજ વિસ્તારમાં દારૂબંધીના કાયદાના લીરેલીરા ઉડાવતી ઘટના સામે આવી છે. સયાજીગંજ પોલીસ સ્ટેશનથી માત્ર થોડા જ અંતરે ડેરીડેન સર્કલ પાસે રસ્તાની બરોબર વચ્ચે કાર ઊભી રાખીને દારૂ પીતા શખ્સોનો વીડિયો વાયરલ થતા પોલીસની કામગીરી પર સવાલો ઉઠ્યા હતા. ઘટના મુજબ, મહારાષ્ટ્ર પાસિંગની એક વૈભવી કાર રસ્તા વચ્ચે એવી રીતે ઊભી રખાઈ હતી કે વાહન વ્યવહાર ખોરવાઈ ગયો હતો. કારની અંદર બેઠેલા વ્યક્તિઓ બિન્દાસ્ત દારૂની બોટલ સાથે જોવા મળ્યા હતા. પાછળ ઊભેલી બસના ચાલકે વારંવાર હોર્ન વગાડ્યા હોવા છતાં આ શખ્સો ટસથી મસ થયા નહોતા. આ દ્રશ્યો કોઈ રાહદારીએ કેમેરામાં કેદ કરી સોશિયલ મીડિયામાં વાયરલ કર્યા હતા.

વીડિયો પોલીસના ધ્યાને આવતા જ પીઆઈ એસ. જે. પંડ્યાની સૂચના મુજબ ટીમો એક્ટિવ થઈ હતી. ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન સોર્સની મદદથી કારના માલિક અને ચાલકની વિગતો મેળવવામાં આવી હતી. તપાસના અંતે પોલીસે દર્શનમ સેન્ટ્રલ પાર્કમાં રહેતા વિકાસ જગદીશ શર્માને ઝડપી પાડ્યો છે. પકડાયેલા આરોપી સામે જાહેર માર્ગ પર અડચણ ઊભી કરવા અને નશાબંધીના ભંગ બદલ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. હાલ પોલીસ વીડિયોમાં દેખાતા બીજા શખ્સની ઓળખ કરી તેને પકડવા માટેના પ્રયાસો કરી રહી છે.




# ડેસર: ડુંગરીપુરા ખાતે કૃષિ સખીઓને પ્રાકૃતિક ખેતીની તાલીમ અપાઈ

**દૈનિક પલ્સ સમાચાર:** ખેતીમાં રાસાયણિક ખાતરો અને જંતુનાશકોના વધતા વપરાશ સામે હવે પ્રાકૃતિક ખેતીનો પવન ફૂંકાયો છે. વડોદરા જિલ્લાના ડેસર તાલુકાના ડુંગરીપુરા ખાતે આવેલા 'ઓમ નારાયણ કૃપા' મોડલ ફાર્મમાં કૃષિ સખીઓ અને સી.આર.પી. (કોમ્યુનિટી રિસોર્સ પર્સન) માટે એક સર્વગ્રાહી પ્રાકૃતિક કૃષિ તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ તાલીમ કાર્યક્રમમાં એગ્રી આસિસ્ટન્ટ અજયભાઈ બારીયા અને મહેશભાઈ પટેલિયાએ માર્ગદર્શકની ભૂમિકા ભજવી હતી. તેમણે તાલીમાર્થીઓને સમજાવ્યું કે પ્રાકૃતિક ખેતી એ કોઈ નવી શોધ નથી, પરંતુ આપણી પરંપરાગત ખેતીની વૈજ્ઞાનિક પદ્ધતિ છે. તાલીમનો મુખ્ય ઉદ્દેશ્ય કૃષિ સખીઓને એવી રીતે તૈયાર કરવાનો હતો કે તેઓ ગ્રામીણ સ્તરે ખેડૂતોના જૂથો બનાવી તેમને પ્રાકૃતિક ખેતી તરફ પ્રેરિત કરી શકે.

તાલીમમાં ખાસ ભાર મૂકવામાં આવ્યો હતો કે ખેડૂતોએ માત્ર જીવામૃત, બીજામૃત કે ઘન જીવામૃતના ઉપયોગ સુધી જ સીમિત રહેવું જોઈએ નહીં. જમીનને ખરા અર્થમાં ફળદ્રુપ બનાવવા માટે લીલો પડવાશ (ગ્રીન મેન્યુરિંગ) કરવો જોઈએ. આ ઉપરાંત, જમીનની ઊંડી ખેડ ન કરીને સૂક્ષ્મ જીવો અને અળસિયાનું રક્ષણ કરવું જોઈએ. ખેતરના કચરાને બાળવાને બદલે તેને ખેતરમાં જ કહોળાવા દેવાથી જમીનને કુદરતી ખાતર મળે છે અને જમીનની ફળદ્રુપતામાં ધરખમ વધારો થાય છે.

આ શિબિર દરમિયાન કૃષિ સખીઓ અને સી.આર.પી. દ્વારા એક વિશેષ સ્થળ બેઠક પણ યોજાઈ હતી. જેમાં ઉપસ્થિત ખેડૂતોએ પ્રાકૃતિક ખેતી અંગેના પોતાના પ્રતિભાવો અને મંતવ્યો રજૂ કર્યા હતા. ખેડૂતોએ જણાવ્યું હતું કે આ પ્રકારની આધુનિક અને તકનીકી તાલીમથી તેમને ખેતીના ખર્ચમાં ઘટાડો અને ઉત્પાદનની ગુણવત્તામાં સુધારો કરવાની નવી દિશા મળી છે. સરકારી કર્મચારીઓએ ખેડૂતોના પ્રશ્નોની નોંધ લઈ આગામી સમયમાં ક્ષેત્ર સ્તરે વધુ માર્ગદર્શન આપવાની ખાતરી આપી હતી. આ તાલીમ ડેસર તાલુકામાં પ્રાકૃતિક ખેતીના પ્રચાર અને પ્રસાર માટે એક મહત્વનું પગલું સાબિત થશે.



# હાલોલ: પ્રાકૃતિક કૃષિ નિદર્શન અને સંશોધન તાલીમ યોજાઈ

**દૈનિક પલ્સ સમાચાર:** હાલોલ ખાતે આવેલી ગુજરાત પ્રાકૃતિક કૃષિ સાયન્સ યુનિવર્સિટીમાં મધ્ય ગુજરાતના પાંચ જિલ્લાના કૃષિ નિષ્ણાતો અને કર્મચારીઓ માટે માહિતીપ્રદ મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. GNFSU ના વિસ્તરણ શિક્ષણ નિયામક ડૉ. રશ્મિકાંત ગુર્જર દ્વારા કર્મચારીઓને પ્રાકૃતિક કૃષિના પાંચ મુખ્ય સ્તંભો વિશે ઊંડાણપૂર્વક સમજણ આપવામાં આવી હતી.

આ તાલીમ દરમિયાન જીવામૃત બનાવવાનું જીવંત નિદર્શન કરવામાં આવ્યું હતું, જેનાથી જમીનની ફળદ્રુપતા કેવી રીતે વધારી શકાય તે પ્રાયોગિક રીતે સમજાવ્યું હતું. આ ઉપરાંત, પંચસ્તરીય મોડલ ફાર્મની મુલાકાત દ્વારા કયા પાકોનું મિશ્ર વાવેતર કરીને વધુ લાભ મેળવી શકાય તેની વિગતો પૂરી પાડવામાં આવી હતી. ડૉ. અલ્પેશ ભીમાણીએ સૂક્ષ્મજીવાણુઓ દ્વારા જમીનના સ્વાસ્થ્યમાં થતા સુધારા વિશે વાત કરી હતી, જ્યારે ડૉ. ધારા પ્રજાપતિએ નિમાસ્ત્ર, બ્રહ્માસ્ત્ર અને દશ પર્ણ અર્ક જેવા કુદરતી કીટનાશકો બનાવવાની પદ્ધતિઓ અને તેના ફાયદાઓ સમજાવ્યા હતા. આ તાલીમનો મુખ્ય ઉદ્દેશ્ય કર્મચારીઓ દ્વારા ખેડૂતો સુધી પ્રાકૃતિક ખેતીનો સાચો સંદેશ પહોંચાડવાનો છે.



## વડોદરા: ચેઇન સ્નેચિંગ અને વાહન ચોરીનો ગુનો ઉકેલાયો

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા શહેર ક્રાઇમ બ્રાન્ચે ગોરવા અને હરણી પોલીસ સ્ટેશનના બે અલગ-અલગ ગુનાઓનો ભેદ ઉકેલી નાખ્યો છે. ૧૭ જાન્યુઆરીની સવારે ગોરવા વિસ્તારમાં મંદિર જઈ રહેલા એક મહિલાની સોનાની ચેઇન આંચકી બે શખ્સો ફરાર થઈ ગયા હતા. સીસીટીવી ફૂટેજ અને હ્યુમન ઇન્ટેલિજન્સના આધારે પોલીસે શુક્લાનગરના રિક્ષાચાલક સીબુગુફરાન ખાનની અટકાયત કરી હતી. પૂછપરછ દરમિયાન આરોપીએ કબૂલાત કરી હતી કે તેણે કાનપુર (યુપી) થી આવેલા બે મિત્રો સાથે મળીને આ પ્લાન બનાવ્યો હતો. સૌ પ્રથમ તેઓએ હરણી રોડ પરથી એક મોટરસાયકલની ચોરી કરી હતી. ત્યારબાદ, રિક્ષાચાલક પોતે રિક્ષામાં પાયલોટિંગ કરતો હતો અને પાછળ ચોરાયેલા બાઇક પર તેના બે સાગરીતોએ ચેઇન સ્નેચિંગ કર્યું હતું. પોલીસે ₹૧.૨૦ લાખની કિંમતની રિક્ષા અને બાઇક કબજે લીધા છે. મુખ્ય બે આરોપીઓ હજુ વોન્ટેડ છે, જેમને પકડવા પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે. પકડાયેલ આરોપી સીબુગુફરાન અગાઉ યુપીમાં માદક દ્રવ્યોના કેસમાં પકડાઈ ચૂક્યો છે.

## વડોદરા ક્રાઈમ બ્રાન્ચ: ગુજસીટોકનો રીઢો ગુનેગાર પકડાયો

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા શહેર પોલીસ કમિશનર નરસિમ્હા કોમારની સૂચનાથી ક્રાઈમ બ્રાન્ચે શહેરમાં આતંક ફેલાવતી ગેંગો સામે લાલ આંખ કરી છે. આ જ શ્રેણીમાં છેલ્લા આઠ મહિનાથી પોલીસને હંફાવતા 'ચુઇ ગેંગ' ના રીઢા આરોપી અરુણ જયેશભાઈ માછીને ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડ્યો છે. કિશનવાડીના મહાદેવ ચોક વિસ્તારમાં રહેતો અરુણ માછી ગુજસીટોક એક્ટના ગંભીર ગુનામાં પોલીસ પકડથી દૂર હતો. ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ આર.જી. જાડેજા અને પીએસઆઈ કે.ડી. રાઠોડની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે ફરાર આરોપી સફેદ રંગની કિયા કારમાં નેશનલ હાઈવે થઈ સયાજી ટાઉનશીપ તરફ જઈ રહ્યો છે. પોલીસે જગદીશ ફરસાણ સામે ખાનગી રાહે વોચ ગોઠવી હતી અને શંકાસ્પદ કારને અટકાવી તપાસ કરતા તેમાંથી અરુણ માછી મળી આવ્યો હતો. આરોપીના ગુનાહિત ઇતિહાસની તપાસમાં ચોંકાવનારી વિગતો બહાર આવી છે. તેની સામે વડોદરા શહેર અને ગ્રામ્યના વિવિધ પોલીસ સ્ટેશનોમાં હત્યાનો પ્રયાસ, મારામારી, અપહરણ અને પ્રોહિબિશનના કુલ ૧૬ ગુનાઓ નોંધાઈ ચૂક્યા છે.

આ આરોપી ૨૦૨૪ ના હરણી પોલીસ સ્ટેશનના દારૂના કેસમાં પણ વોન્ટેડ હતો. ગુજસીટોક જેવા કડક કાયદા હેઠળ તેની ધરપકડ એ વડોદરા પોલીસ માટે મોટી સિદ્ધિ મનાય છે. હાલ આરોપીને આગળની કાયદેસરની તપાસ માટે એસીપી ડી.જે. ચાવડાને સુપ્રત કરવામાં આવ્યો છે.

## વડોદરા: ક્રાઈમ બ્રાન્ચે રિક્ષા ચોરીનો ગુનો ઉકેલી નાખ્યો

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા શહેરમાં વધતી જતી વાહન ચોરીની ઘટનાઓ ડામવા માટે ક્રાઈમ બ્રાન્ચ સતત કાર્યરત છે. ફતેગંજ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ઓટોરિક્ષા ચોરીની ફરિયાદ બાદ પોલીસે ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન ઇન્ટેલિજન્સની મદદથી તપાસ શરૂ કરી હતી. જાદવપાર્ક સોસાયટી પાસેથી રાત્રિના સમયે ચોરાયેલી ₹50,000 ની રિક્ષા શોધવા માટે પીએસઆઈ સી.ડી. યાદવ અને એ.જે. રાઠવાની ટીમે અનેક સ્થળોના સીસીટીવી ચેક કર્યા હતા. આ તપાસ દરમિયાન ચોરાયેલી રિક્ષા ફતેગંજ વિસ્તારમાંથી જ બિનવારસ હાલતમાં મળી આવી હતી. વધુ તપાસ કરતા દીપ ટોકીઝ પાસેથી રાજુભાઈ રૂપચંદ ઉર્ફે રૂપસીંગ ડામોર નામના શખ્સને ઝડપી લેવામાં આવ્યો હતો. આરોપી મૂળ મધ્યપ્રદેશના ઝાબુઆ જિલ્લાનો વતની છે અને હાલ ફતેગંજમાં ઝૂંપડામાં રહે છે. આરોપીએ સ્વીકાર્યું હતું કે તેણે જ રિક્ષાની ચોરી કરી હતી, પરંતુ રિક્ષા બગડી જતા તેણે ત્યાં જ મૂકી દીધી હતી. ક્રાઈમ બ્રાન્ચે આ સફળ કામગીરી કરી આરોપીને ફતેગંજ પોલીસના હવાલે કર્યો છે.

# વડોદરા: અણગઢ ગામની મહિલાઓ સખી મંડળ થકી બની આત્મનિર્ભર

**દૈનિક પલ્સ સમાચાર:** ગુજરાત સરકારના મહિલા સશક્તિકરણના અભિયાનને વડોદરા જિલ્લાના અણગઢ ગામની મહિલાઓએ સાર્થક કરી બતાવ્યું છે. જી.એલ.પી.સી. (ગુજરાત લાલીવહુડ પ્રમોશન કંપની) અંતર્ગત રચાયેલા 'તીર્થ સખી મંડળ'ની બહેનો આજે પોતાના હુનરથી પરિવારને આર્થિક ટેકો પૂરો પાડી રહી છે. અણગઢ ગામમાં ૧૦ બહેનોના બનેલા આ મંડળને સ્વદેશ સંસ્થા અને એર પ્રોડક્ટ્સ જેવી સંસ્થાઓ દ્વારા તાલીમ આપવામાં આવી છે. આ મહિલાઓ હવે જૂટ મટીરીયલનો ઉપયોગ કરીને આકર્ષક પર્સ, પેશિયલ બેગ્સ, ફાઈલ ફોલ્ડર્સ અને મોબાઈલ કવર જેવી વસ્તુઓ બનાવી રહી છે. આ આર્ટિકલ્સનું વેચાણ તહેવારો દરમિયાન સ્થાનિક મોલ અને દુકાનોમાં કરવામાં આવે છે, જ્યારે સરકારી પ્રદર્શનોમાં તેમને નિ:શુલ્ક પ્લોટ ફાળવી પ્રોત્સાહન આપવામાં આવે છે.

મંડળના સભ્ય ગોહિલ રીપલ વિજયભાઈના જણાવ્યા અનુસાર, "પોતાની મહેનતની નાની આવક પણ ખુબ મોટી લાગે છે." આ પ્રવૃત્તિથી મહિલાઓમાં આત્મવિશ્વાસ વધ્યો છે અને તેઓ આર્થિક રીતે સક્ષમ બની છે. સખી મંડળ માત્ર રોજગારી જ નહીં, પરંતુ જરૂરિયાતના સમયે લોન સહાય આપીને મહિલાઓને સામાજિક સુરક્ષા પણ પૂરી પાડે છે. આત્મનિર્ભરતાની આ દિશામાં અણગઢ ગામની મહિલાઓ સમાજ માટે પ્રેરણારૂપ બની છે. **સંકલન-વૈશાલી પરમાર**



**વડોદરાના અણગઢ ગામની 'તીર્થ સખી મંડળ'ની બહેનો જૂટ બેગ બનાવી આત્મનિર્ભર બની છે. જી.એલ.પી.સી. અને સ્વદેશ સંસ્થાના સહયોગથી તાલીમ મેળવી આ મહિલાઓ ઘરે બેઠા આવક મેળવી સ્વાવલંબન અને સ્વમાન સાથે વ્યક્તિગત વિકાસ કરી રહી છે.**

## શેરખી ગામમાંથી અફીણનો જથ્થો ઝડપાયો, SOGની સફળતા



**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા ગ્રામ્ય પોલીસના 'ઓપરેશન પરાક્રમ' હેઠળ એસ.ઓ.જી. ટીમે શેરખી ગામમાં નશીલા પદાર્થોના વેચાણ પર ત્રાટકી મોટી સફળતા મેળવી છે. બાતમીના આધારે પોલીસે વિજયસિંહ ચંદ્રસિંહ પરમારને ૦.૭૭૫ કિગ્રા અફીણ સાથે ઝડપી લીધો હતો. જપ્ત કરાયેલા આ માદક પદાર્થની કિંમત ₹૩,૮૭,૫૦૦ અંકાય છે. પકડાયેલ આરોપી અગાઉ ૨૦૧૦માં પણ એનડીપીએસના ગુનામાં સંડોવાયેલો હતો. પોલીસે કુલ ₹૩.૯૮ લાખનો મુદ્દામાલ કબજે કરી તપાસ તેજ કરી છે.

## ડભોઈ: પ્રોહિબિશનના ગુનામાં ફરાર MPનો આરોપી ઝડપાયો



**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા ગ્રામ્ય પોલીસના "ઓપરેશન પરાક્રમ" હેઠળ પેરોલ-ફર્લો સ્કવોર્ડની ટીમે ડભોઇ પોલીસના વોન્ટેડ આરોપીને ઝડપી લીધો છે. મધ્યપ્રદેશના અલીરાજપુરનો વતની ટીનેશ ઉર્ફે ટીન્શુ કનેશ ગત સપ્ટેમ્બર મહિનાથી દારૂના હેરાફેરીના ગુનામાં નાસતો ફરતો હતો. બાતમીના આધારે પોલીસે ગોપાલપુરા ચેકપોસ્ટ પાસે વોચ ગોઠવી તેને દબોચી લીધો હતો. હાલ આરોપીને આગળની કાયદેસરની કાર્યવાહી માટે ડભોઇ પોલીસ સ્ટેશનને સુપ્રત કરવામાં આવ્યો છે.

## વડોદરા: વિશ્વામિત્રી નદી કિનારેથી સડેલી હાલતમાં લાશ મળી



**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરાના નરહરિ હોસ્પિટલ બ્રિજ નીચે વિશ્વામિત્રી નદીના કિનારે આવેલી ઝાડીઓમાંથી આજે એક બિનવારસી મૃતદેહ મળી આવતા અરેરાટી વ્યાપી ગઈ છે. મૃતદેહ અર્ધનગ્ન અને અતિશય સડેલી હાલતમાં હોવાથી ભારે દુર્ગંધ ફેલાઈ હતી. બનાવની જાણ થતા તપાસ ટીમ ઘટનાસ્થળે પહોંચી પંચનામું કર્યું હતું. હાલ મૃતકની ઓળખ માટે આસપાસના સીસીટીવી ફૂટેજ અને ગુમ થયેલા વ્યક્તિઓની યાદીના આધારે તપાસ તેજ કરવામાં આવી છે.

# વડોદરા: મતદાર યાદીમાંથી નામ કમી કરવાના ષડયંત્રનો કોંગ્રેસનો આક્ષેપ

## વડોદરા: ફોર્મ-7 ના બલ્ક સબમિશન મામલે કોંગ્રેસની તપાસની માંગ

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરામાં મતદાર યાદીમાં છેડછાડના આક્ષેપ સાથે કોંગ્રેસે મોરચો માંડ્યો છે. ૨૨ જાન્યુઆરી ૨૦૨૬ ના રોજ વડોદરા શહેર કોંગ્રેસ પ્રમુખ ઋત્વિજ જોષીએ જિલ્લા ચૂંટણી અધિકારીને લેખિત રજૂઆત કરી ફોર્મ નંબર-7 ની તપાસની માંગ કરી છે. કોંગ્રેસના જણાવ્યા અનુસાર, મુસદ્દા મતદાર યાદી પ્રસિદ્ધ થયા બાદ વાંધા અરજીની છેલ્લી તારીખ ૧૮ જાન્યુઆરી હતી, પરંતુ ૧૬ જાન્યુઆરીથી અચાનક જથ્થાબંધ ફોર્મ આવવા માંડ્યા હતા.

રજૂઆતમાં આક્ષેપ કરાયો છે કે સત્તાધારી પક્ષ દ્વારા ચોક્કસ જ્ઞાતિ, ધર્મ અને રાજકીય ઝુકાવ ધરાવતા મતદારોના નામ જાણીજોઈને કમી કરવા માટે આ ષડયંત્ર રચાયું છે. કોંગ્રેસે ત્રણ મુખ્ય માંગણીઓ કરી છે: પ્રથમ, છેલ્લી ત્રણ તારીખના કચેરીના સીસીટીવી ફૂટેજ આપવામાં આવે. બીજું, જથ્થાબંધ ફોર્મ સ્વીકારનાર અધિકારીઓની ભૂમિકાની તપાસ કરી તેમની સામે કાયદેસરના પગલાં લેવાય. અને ત્રીજું, વાંધો લેનાર વ્યક્તિને રૂબરૂ બોલાવી પુરાવા તપાસ્યા બાદ જ કોઈ પણ મતદારનું નામ કાઢવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવે.

નેતા વિપક્ષ ચંદ્રકાંત શ્રીવાસ્તવ (ભથ્થું ભાઈ) એ પણ સુર પુરાવતા જણાવ્યું કે કોઈપણ નાગરિક તેના મતાધિકારથી વંચિત ન રહેવો જોઈએ. જો ચૂંટણી આયોગ આ બાબતે તટસ્થતા નહીં દાખવે, તો કોંગ્રેસ દ્વારા ગાંધી ચીંધ્યા માર્ગે ઉગ્ર આંદોલન અને કાનૂની લડત આપવામાં આવશે.



**વડોદરામાં મતદાર યાદી સુધારણા પ્રક્રિયામાં ફોર્મ નંબર-7 ના જથ્થાબંધ સબમિશનથી વિવાદ સર્જાયો છે. શહેર કોંગ્રેસ પ્રમુખ ઋત્વિજ જોષીએ આક્ષેપ કર્યો છે કે સત્તાધારી પક્ષ દ્વારા ચોક્કસ મતદારોના નામ કમી કરવાનું ષડયંત્ર રચાયું છે, જેની તટસ્થ તપાસ થવી જોઈએ.**

# હાઈવે ટોલ બાકી હશે તો RTO ના કામો અટકી જશે: નવા નિયમો

**દૈનિક પલ્સ સમાચાર:** હાઈવે ટોલ ટેક્સની ચોરી રોકવા માટે કેન્દ્ર સરકાર હવે એક્શન મોડમાં આવી છે. ટોલ ભર્યા વગર નીકળી જતા વાહનચાલકો પર લગામ કસવા માટે કેન્દ્રીય મોટર વાહન નિયમોમાં કડક સુધારા લાગુ કરવામાં આવ્યા છે. આ નવા નિયમોની સીધી અસર વાહનના દસ્તાવેજી કામો પર પડશે. નવી સિસ્ટમ મુજબ, જો તમારા વાહનના ફાસ્ટેગ એકાઉન્ટમાં અથવા મલ્ટી-લેન ફ્રી ફ્લો સિસ્ટમ પર ટોલની રકમ બાકી બોલતી હશે, તો તમે વાહન ટ્રાન્સફર કરી શકશો નહીં. RTO દ્વારા આપવામાં આવતી એન.ઓ.સી. (NOC) મેળવવા માટે હવે વાહન પર કોઈ ટોલ ટેક્સ બાકી નથી તેવું પ્રમાણિત કરવું ફરજિયાત બનશે. એટલું જ નહીં, વાહનનું ફિટનેસ સર્ટિફિકેટ રિન્યુ કરવાની કામગીરી પણ ટોલ ચુકવણી ન થાય ત્યાં સુધી સ્થગિત કરી દેવામાં આવશે.

ખાસ કરીને ટ્રાન્સપોર્ટ અને કોમર્શિયલ વાહનો માટે આ નિયમ વધુ પડકારજનક બની શકે છે, કારણ કે નેશનલ પરમિટ મેળવવામાં પણ ટોલ બાકી હશે તો અવરોધ આવશે. કેન્દ્ર સરકારનો હેતુ ટોલ કલેક્શન સિસ્ટમને ડિજિટલ રીતે વધુ મજબૂત બનાવવાનો છે. હવે જ્યારે પણ વાહન માલિક કોઈ પણ પ્રકારના ટ્રાન્સફર કે રિન્યુઅલ માટે અરજી કરશે, ત્યારે તંત્ર દ્વારા પહેલા ટોલ ડેટા ચેક કરવામાં આવશે. આ કડક વલણને કારણે હાઈવે ઓથોરિટીની આવકમાં વધારો થશે અને ડિફોલ્ટરો પર લગામ કસાશે. **રિપોર્ટ : તેજસ જોશી**




# ચાંગોદર: વાહનચાલકોને નિઃશુલ્ક હેલ્મેટ વિતરણ અને ટ્રાફિક જનજાગૃતિ અભિયાન

**દૈનિક પલ્સ સમાચાર:** રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ 2026 ની ઉજવણીના ભાગરૂપે ચાંગોદર પોલીસે આજે મોરૈયા બ્રિજ પર વાહનચાલકોને ટ્રાફિક નિયમો પ્રત્યે જાગૃત કરવાના હેતુથી વિશેષ કાર્યક્રમ યોજ્યો હતો. પોલીસ ઇન્સ્પેક્ટર એન.એચ. સવસેટાના માર્ગદર્શન હેઠળ ચાંગોદર પોલીસ સ્ટેશનના ટ્રાફિક ઇન્ચાર્જ જયદીપસિંહ બારડ દ્વારા આ જનજાગૃતિ અભિયાન ચલાવવામાં આવ્યું હતું. આ કાર્યક્રમની ખાસિયત એ હતી કે તેમાં સ્થાનિક ઉદ્યોગ રેનો કંપની પ્રા.લી.એ પણ સહકાર આપ્યો હતો. ટુ-વ્હીલર વાહનચાલકોમાં હેલ્મેટ પહેરવાની આદત કેળવાય તે માટે કંપનીના સહયોગથી અનેક ચાલકોને નિઃશુલ્ક હેલ્મેટ એનાયત કરવામાં આવ્યા હતા. હેલ્મેટ વિતરણની સાથે પોલીસે નાગરિકોને ટ્રાફિકના વિવિધ નિયમો, સિગ્નલનું મહત્વ અને અકસ્માત સમયે લેવાની સાવચેતીઓ વિશે સમજ આપતા પેમ્પલેટનું પણ વિતરણ કર્યું હતું. ચાંગોદર પોલીસ દ્વારા જાહેર જનતાને અત્યંત નમ્રતાપૂર્વક અપીલ કરવામાં આવી હતી કે દરેક વ્યક્તિ રાષ્ટ્રનો જવાબદાર નાગરિક બને અને રસ્તા પર ચાલતી વખતે ટ્રાફિકના નિયમોનું અચૂક પાલન કરે. માર્ગ સલામતી માસનો મુખ્ય ઉદ્દેશ્ય લોકોમાં જાગૃતિ લાવીને માર્ગ અકસ્માતમાં થતા જાનમાલના નુકસાનને અટકાવવાનો છે. સ્થાનિક વાહનચાલકોએ પોલીસની આ સકારાત્મક અને સેવાકીય પ્રવૃત્તિને ઉમળકાભેર વધાવી લીધી હતી. **રિપોર્ટ : જગદીશ**



**ચાંગોદર પોલીસ દ્વારા મોરૈયા બ્રિજ ખાતે રાષ્ટ્રીય માર્ગ સલામતી માસની ઉજવણી કરવામાં આવી હતી. પીઆઈ એન.એચ. સવસેટાના માર્ગદર્શન હેઠળ વાહનચાલકોને નિઃશુલ્ક હેલ્મેટ અને ટ્રાફિક નિયમોના પેમ્પલેટનું વિતરણ કરીને સુરક્ષિત ડ્રાઇવિંગની અપીલ કરવામાં આવી હતી.**

# વડોદરા: મકરપુરામાં મધરાતે મૂર્તિઓ હટાવતા તંત્ર સામે જનરોષ

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરાના મકરપુરા વિસ્તારમાં વહીવટી તંત્રની એક શંકાસ્પદ કામગીરીએ સમગ્ર શહેરમાં આક્રોશની જ્વાળા ભડકાવી છે. મકરપુરા સ્થિત કૃત્રિમ તળાવમાં વિસર્જિત કરાયેલી ગણેશ પ્રતિમાઓ સહિતની મૂર્તિઓને હટાવવા માટે તંત્રએ દિવસે કરવાના કામને રાત્રિના અંધકારમાં કરવાની પદ્ધતિ અપનાવી, જેણે વિવાદનું વંટોળ સર્જ્યું છે.

બે દિવસ પહેલા મોડી મધરાતે જેસીબી અને ડમ્પરો સાથે તંત્રએ તળાવ પર ધાડા ઉતાર્યા હતા. મૂર્તિઓને કોઈ પણ મર્યાદા જાળવ્યા વગર અયોગ્ય રીતે પાણીમાંથી બહાર કાઢવાની આ 'ગુપ્ત' કામગીરીની જાણ સ્થાનિકોને થતા જ તેઓ ઘટનાસ્થળે ધસી આવ્યા હતા. લોકોના ટોળા ઉમટતા અને હિન્દુ સંગઠનોના કાર્યકરોએ વિરોધ નોંધાવતા તંત્રના અધિકારીઓ ક્ષોભીલે મુકાયા હતા. સંગઠનોએ સીધો સવાલ કર્યો છે કે, શું વહીવટી તંત્ર હિન્દુઓની આસ્થાની મજાક ઉડાવવા માંગે છે? શા માટે મૂર્તિઓને દિવસે પૂજા-વિધિ સાથે બહાર કાઢવામાં ન આવી? આ મામલે લોકોનો મિજાજ જોતા તંત્રને કામગીરી પડતી મૂકવાની ફરજ પડી હતી. વહીવટી તંત્રની આ નઘરોળ નીતિને કારણે મકરપુરામાં મોડી રાત સુધી તંગદિલીભર્યો માહોલ રહ્યો હતો. આ ઘટના તંત્રની માનસિકતા અને ધાર્મિક લાગણીઓ પ્રત્યેની તેમની ઉદાસીનતા ખુલ્લી પાડે છે. **રિપોર્ટ : કૌશિકભાઈ જોશી**

**વડોદરાના મકરપુરામાં મધરાતે મૂર્તિઓ હટાવવાની 'ગુપ્ત' કામગીરીએ વિવાદ સર્જ્યો. આસ્થા સાથે ચેડાંના આક્ષેપ સાથે હિન્દુ સંગઠનોનો વિરોધ.**

# અસલાલી: લોખંડનું ટિફિન મારી મિત્રની હત્યા, આરોપી ઝડપાયો

**દૈનિક પલ્સ સમાચાર:** અમદાવાદના અસલાલીમાં નજીવી બાબતે બે મિત્રો વચ્ચે થયેલા ઝઘડાનો કરુણ અંત આવ્યો છે. ૧૯ જાન્યુઆરીના રોજ સાંજના સમયે સુનિલ તિવારી (ઉ.વ. ૪૨) ની કરપીણ હત્યા કરવામાં આવી હતી. આ હત્યા કોઈ અજાણ્યા શખ્સે નહીં પરંતુ તેના જ મિત્ર યોગેશ દ્વિવેદીએ કરી હોવાનું ખુલ્યું છે. પોલીસના જણાવ્યા મુજબ, બંને મિત્રો વચ્ચે ઘરના રોજિંદા ખર્ચના હિસાબને લઈને અવારનવાર વિવાદ થતો હતો. ઘટનાના દિવસે ખર્ચ બાબતે બોલાચાલીએ હિંસક સ્વરૂપ ધારણ કર્યું હતું. આવેશમાં આવી યોગેશે સુનિલના માથામાં લોખંડના ટિફિન વડે જીવલેણ હુમલો કર્યો હતો. ટિફિનના જોરદાર ઘા વાગવાથી સુનિલનું ઘટનાસ્થળે જ ગંભીર ઈજાઓને કારણે મૃત્યુ થયું હતું. અસલાલી પોલીસને ઘટનાની જાણ થતા જ કાફલો સ્થળ પર પહોંચ્યો હતો અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો. ડીવાયએસપી આસ્થા રાણાએ આ કેસ અંગે વિગતો આપતા જણાવ્યું હતું કે, આરોપી યોગેશ દ્વિવેદીની ધરપકડ કરી લેવામાં આવી છે. આરોપી મૂળ યુપીનો રહેવાસી છે અને અસલાલી વિસ્તારમાં રહીને નોકરી કરતો હતો. મિત્રતાના સંબંધોમાં પૈસાના વિવાદે કેવી રીતે એક વ્યક્તિનો જીવ લીધો તે વાતથી સમગ્ર પંથકમાં અરેરાટી ફેલાઈ ગઈ છે.

**રિપોર્ટ : જગદીશ**



# બાલાજી વેફર્સ: 35 હજાર કરોડના વેલ્યુએશન પર 2500 કરોડની ડીલ ફાઈનલ

**દૈનિક પલ્સ સમાચાર:** રાજકોટ સ્થિત અને દેશની અગ્રણી નમકીન બ્રાન્ડ બાલાજી વેફર્સે કોર્પોરેટ જગતમાં મોટો ધડાકો કર્યો છે. કંપનીએ યુએસ સ્થિત જાણીતા પ્રાઇવેટ ઇક્વિટી ફંડ 'જનરલ એટલાન્ટિક' (General Atlantic) ને 7% હિસ્સો વહેંચવાની ડીલ ફાઇનલ કરી દીધી છે. ₹35,000 કરોડના ધરખમ વેલ્યુએશન પર થયેલી આ ડીલ દ્વારા કંપનીમાં ₹2,500 કરોડનું વિદેશી રોકાણ આવશે. આ ડીલની સત્તાવાર જાહેરાત હવે જરૂરી સરકારી મંજૂરીઓ મળ્યા બાદ ટૂંક સમયમાં કરવામાં આવશે. બાલાજી વેફર્સની આ સફર પ્રેરણારૂપ છે. વિરાણી બંધુઓએ 1982માં રાજકોટના સિનેમા હોલમાં નાસ્તાના સપ્લાયર તરીકે શરૂઆત કરી હતી, જે આજે ₹6,500 કરોડનું વાર્ષિક વેચાણ અને ₹1,000 કરોડનો નફો કરતી મસમોટી કંપની બની છે. ગુજરાત, મહારાષ્ટ્ર અને રાજસ્થાનના નમકીન માર્કેટમાં 65% હિસ્સો ધરાવતી આ કંપની હાલ ભારતમાં હલદીરામ અને પેપ્સીકો પછી ત્રીજા ક્રમે છે. સ્થાપક ચંદુભાઈ વિરાણીએ જણાવ્યું કે, કંપનીની નવી પેઢી વ્યવસાયને વધુ પ્રોફેશનલ બનાવીને તેને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે લઈ જવા માંગે છે, જેના માટે જનરલ એટલાન્ટિકનું અનુભવી માર્ગદર્શન ખૂબ ઉપયોગી થશે.

આ ડીલ બાદ બાલાજી વેફર્સ તેની મેન્યુફેક્ચરિંગ ક્ષમતા વધારવા માટે નવા પ્લાન્ટ્સ સ્થાપશે અને રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ (R&D) પર ભાર મૂકશે. કંપનીના આ પગલાં પાછળનો હેતુ આગામી 3 થી 4 વર્ષમાં લિસ્ટિંગ એટલે કે IPO લાવવાનો છે. રસપ્રદ વાત એ છે કે, આ હિસ્સો ખરીદવા માટે ભૂતકાળમાં પેપ્સીકો, આઈટીસી અને જનરલ મિલ્સ જેવી દિગ્ગજ કંપનીઓએ પણ પ્રયાસો કર્યા હતા, પરંતુ છેવટે જનરલ એટલાન્ટિક બાજી મારી છે. બાલાજી વેફર્સની લો-કોસ્ટ એડવર્ટાઈઝિંગ અને હાઈ-ક્વોલિટી પ્રોડક્ટની વ્યૂહરચનાએ તેને રોકાણકારો માટે આકર્ષક બનાવી છે. આ ડીલ ગુજરાતના ઉદ્યોગ જગત માટે ગૌરવની ક્ષણ છે, જે દર્શાવે છે કે સ્થાનિક બ્રાન્ડ પણ વૈશ્વિક સ્તરે મોટું મૂલ્ય મેળવી શકે છે.

**રાજકોટની બાલાજી વેફર્સે 7% હિસ્સો જનરલ એટલાન્ટિકને વહેંચવા ડીલ ફાઈનલ કરી. 35000 કરોડના વેલ્યુએશન સાથે હવે દેશવ્યાપી વિસ્તરણ થશે.**

# વેરો ભર્યા વગર સીલ ખોલનારા આસામીઓ સામે લાલ આંખ

**દૈનિક પલ્સ સમાચાર:** મહાનગરપાલિકાના વેરા વિભાગમાં સીલિંગની પ્રક્રિયામાં વ્યાપક ગેરરીતિ અને લાપરવાહી સામે આવી છે. દર વર્ષે હજારો મિલકતો સીલ કરવામાં આવે છે, પરંતુ દેખરેખના અભાવે અમુક માથાભારે અને રાજકીય લાગવગ ધરાવતા લોકોએ પોતાની મિલકતોના સીલ જાતે જ ખોલી નાખ્યા હોવાનું ધ્યાને આવ્યું છે. વેરા વિભાગના સર્વેમાં બહાર આવ્યું છે કે ૨૪ મિલકતોના સીલ સત્તાવાર વેરો ભર્યા વિના જ તોડી નાખવામાં આવ્યા છે.

આ આસામીઓ 'વધારાનું બાંધકામ કરવું છે' અથવા 'બાંધકામમાં ફેરફાર છે' તેવા બહાના હેઠળ સીલ ખોલી નાખતા હતા. નિયમ મુજબ, મિલકત વેરો તેનો સંપૂર્ણ ભરપાઈ કર્યા બાદ જ સીલ મુક્ત કરી શકાય છે. હવે મનપા તંત્ર આવા મિલકતદારો વિરુદ્ધ CGDR ની કડક જોગવાઈઓ લાગુ કરશે અને જો ગેરકાયદે બાંધકામ ચાલુ હશે તો પ્લાન રદ કરવા સુધીના પગલાં લેશે. સૌથી ચોંકાવનારી બાબત એ છે કે ૩૦૦ કરોડથી વધુનું લેણું વર્ષોથી બાકી છે. ચર્ચા મુજબ, નાના મધ્યમવર્ગીય પરિવારો પોતાની આબરૂ બચાવવા વેરો ભરી દે છે, પરંતુ મોટી પ્રાઈવેટ કંપનીઓ અને બિલ્ડરો સામે તંત્ર ઢીલું પડે છે. આ પાછળ વેરા વિભાગના જ કેટલાક કર્મચારીઓની મિલીભગત હોવાની આશંકા વ્યક્ત કરાઈ રહી છે. તંત્ર હવે જે મિલકતોના સીલ તોડવામાં આવ્યા છે તેવા બિલ્ડરો અને મિલકતધારકો સામે ફોજદારી કાર્યવાહી કરવાની તૈયારી કરી રહ્યું છે.



# રાજકોટ: સૌની યોજનાના પ્રતાપે ભરશિયાળે આજી-૧ ડેમ ૯૦% ભરાયો

**દૈનિક પલ્સ સમાચાર:** રાજકોટની જીવાદોરી સમાન આજી અને ન્યારી ડેમમાં નર્મદાના નીરની આવક થતા શહેરનું જળ સંકટ ભૂતકાળ બની ગયું છે. સૌની યોજનાના સફળ અમલીકરણને કારણે રાજકોટમાં પીવાના પાણીની વ્યવસ્થા હવે ઉનાળા સુધી સુનિશ્ચિત થઈ ગઈ છે. સિંચાઈ વિભાગ દ્વારા જાન્યુઆરી મહિનાથી સતત નર્મદાનું પાણી છોડવામાં આવી રહ્યું છે, જેના પગલે આજી-૧ ડેમની જળ સપાટી ૨૭.૫૦ ફૂટે પહોંચી ગઈ છે. હવે આ ડેમ પૂર્ણ સપાટીએ છલકાવવા માટે માત્ર દોઢ ફૂટનું અંતર બાકી રહ્યું છે. આંકડાકીય વિગતો પર નજર કરીએ તો, આજી-૧ ડેમમાં અત્યાર સુધીમાં ૪૨૫ એમસીએફટી પાણીનો જથ્થો ઠાલવી દેવાયો છે. આવી જ રીતે ન્યારી-૧ ડેમમાં ૨૦૦ એમસીએફટી પાણી છોડાતા તેની સપાટી ૨૦ ફૂટે પહોંચી છે અને ડેમ ૬૦ ટકા જેટલો ભરાયો છે. સિંચાઈ વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર, હજુ આગામી બે સપ્તાહ સુધી નર્મદાના નીરની આવક ચાલુ રાખવામાં આવશે. સામાન્ય રીતે રાજકોટમાં ચોમાસા સુધી પાણી પુરવઠો જાળવી રાખવા વર્ષમાં ત્રણ વખત ડેમો ભરવામાં આવે છે. આ વખતે ભરશિયાળે જ ડેમોની સ્થિતિ સંતોષજનક હોવાથી રાજકોટ મહાનગરપાલિકાએ રાહતનો શ્વાસ લીધો છે. નર્મદાના નીરની આ સતત આવકને કારણે રાજકોટના નાગરિકોને ઉનાળામાં પાણી કાપનો સામનો કરવો પડશે નહીં.

**રિપોર્ટ : હાર્દિક ચંદારાણા**



**રાજકોટ માટે સૌની યોજના આશીર્વાદરૂપ સાબિત થઈ છે. જાન્યુઆરી મહિનામાં નર્મદાના નીર છોડવામાં આવતા આજી-૧ ડેમ ૯૦% અને ન્યારી-૧ ડેમ ૬૦% ભરાઈ ગયો છે. સિંચાઈ વિભાગના જણાવ્યા મુજબ, આજી ડેમની સપાટી ૨૭.૫૦ ફૂટે પહોંચી છે, જે છલકાવવા આડે માત્ર દોઢ ફૂટ જ બાકી છે. અત્યાર સુધીમાં આજીમાં ૪૨૫ અને ન્યારીમાં ૨૦૦ એમસીએફટી પાણી છોડાયું છે. હજુ આગામી ૧૫ દિવસ સુધી નર્મદાનું પાણી મળતું રહેશે, જેથી ઉનાળા સુધી પીવાના પાણીની સમસ્યા ભૂતકાળ બની જશે.**

# સાવધાન: વર્ષમાં ૬ વાર ટ્રાફિક નિયમ તોડશો તો લાયસન્સ થશે રદ.

## સાવધાન: 5 ટ્રાફિક ચલણ ફાટ્યા તો લાયસન્સ થશે સસ્પેન્ડ

**દૈનિક પલ્સ સમાચાર:** ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ (GSRTC) દ્વારા મુસાફરોની સુવિધા અને પર્યટનને પ્રોત્સાહન આપવા માટે વર્ષ ૨૦૦૬માં 'મન ફાવે ત્યાં ફરો' યોજનાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. ૧ માર્ચ ૨૦૦૬થી અમલમાં આવેલી આ યોજના આજે બે દાયકા બાદ પણ યાત્રિકોમાં અત્યંત લોકપ્રિય છે. આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય મુસાફરોને કિલોમીટરના ભાડામાંથી મુક્તિ આપી એક જ પાસ પર અમર્યાદિત મુસાફરીની તક પૂરી પાડવાનો છે. રાજકોટ એસ.ટી. ડેપોના મેનેજરે આ યોજનાની વિગતો આપતા જણાવ્યું હતું કે, પ્રવાસીઓ પોતાની સગવડતા અને સમય મુજબ ૪ દિવસ અથવા ૭ દિવસનો પાસ પસંદ કરી શકે છે. આ પાસના આધારે યાત્રિક ગુજરાતના કોઈપણ જિલ્લા કે અંતરિયાળ વિસ્તારમાં એસ.ટી. બસ મારફતે પ્રવાસ કરી શકે છે. નિગમ દ્વારા સીઝન મુજબ ભાડાનું માળખું તૈયાર કરવામાં આવ્યું છે.
જાન્યુઆરી, ફેબ્રુઆરી, માર્ચ, જુલાઈ, ઓગસ્ટ, સપ્ટેમ્બર અને ડિસેમ્બર માસ દરમિયાન લોકલ અને ગુર્જરનગરી એક્સપ્રેસ માટે ₹૬૫૦ તથા લક્ઝરી બસો માટે ₹૯૦૦ ભાડું નક્કી કરાયું છે. જ્યારે વેકેશનના ધસારાને પહોંચી વળવા એપ્રિલ, મે, જૂન, ઓક્ટોબર અને નવેમ્બર માસમાં ભાડું વધારીને અનુક્રમે ₹૭૦૦ અને ₹૧૦૦૦ કરવામાં આવ્યું છે.
આ યોજના હેઠળનો પાસ વ્યક્તિગત હોય છે, એટલે કે એક પાસ પર એક જ વ્યક્તિ મુસાફરી કરી શકે છે. પાસ કઢાવવા માટે રાજ્યના કોઈપણ એસ.ટી. ડેપોની ઓફિસે સવારે ૧૦:૦૦ થી સાંજે ૬:૦૦ વાગ્યા સુધીમાં સંપર્ક કરવાનો રહે છે. પેટ્રોલ અને ડીઝલના ભાવમાં થતા સતત વધારાને કારણે નિગમ દ્વારા સમયાંતરે ભાડામાં નજીવો વધારો કરવામાં આવે છે, પરંતુ મુસાફરો માટે આ યોજના હજુ પણ સૌથી વધુ કિફાયતી છે. ખાસ કરીને ધાર્મિક યાત્રાએ નીકળતા સંઘો, પર્યટકો અને ધંધાદારી મુસાફરો માટે આ એક ઉત્તમ સેવા સાબિત થઈ છે. નિગમની આ પહેલને કારણે ગુજરાતમાં પ્રવાસન ક્ષેત્રે પણ મોટો ઉછાળો જોવા મળ્યો છે.
**રિપોર્ટ : ભાવેશ રાઠોડ**



**માર્ગ પરિવહન મંત્રાલયનો નવો નિયમ: વર્ષમાં 5 વાર ટ્રાફિક નિયમ તોડનારનું લાયસન્સ 3 મહિના માટે રદ કે સસ્પેન્ડ થઈ શકે છે.**

# મેઘાણીનગરનો તડીપાર શખ્સ ગેરકાયદે પ્રવેશતા ઝડપાયો

**દૈનિક પલ્સ સમાચાર:** અમદાવાદ શહેર પોલીસ કમિશનર જી.એસ. મલિકના માર્ગદર્શન હેઠળ ક્રાઈમ કંટ્રોલ માટે હાથ ધરાયેલી ઝુંબેશમાં એલ.સી.બી. ઝોન-૪ ને સફળતા મળી છે. મેઘાણીનગર વિસ્તારમાં રહેતા અને અનેક ગુનાહિત પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા અજય ઉર્ફે અમર ભગવાનભાઈ વાઘેલા નામના શખ્સને પોલીસે ઝડપી લીધો છે. તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે, ૨૬ ફેબ્રુઆરી ૨૦૨૪ ના રોજ પોલીસ કમિશનર દ્વારા આ શખ્સ વિરુદ્ધ તડીપારનો હુકમ કરવામાં આવ્યો હતો. જે મુજબ તેને બે વર્ષ સુધી અમદાવાદ શહેર અને જિલ્લાની હદમાં પ્રવેશવાની મનાઈ હતી. જોકે, આ હુકમનું ઉલ્લંઘન કરી તે શહેરમાં પ્રવેશ્યો હોવાની બાતમી પીએસઆઈ એસ.એમ. પટેલની ટીમને મળી હતી. પેટ્રોલીંગ દરમિયાન ટીમે તેને ગાયત્રીનગરના છાપરા નજીકથી ઝડપી પાડ્યો હતો. ધરપકડ બાદ આરોપી સામે કાયદેસરની કાર્યવાહી કરી તેને જેલભેગો કરવાની તજવીજ શરૂ કરવામાં આવી છે.



**અમદાવાદ LCB ઝોન-4 એ તડીપાર હુકમનો ભંગ કરી શહેરમાં પ્રવેશનાર અજય ઉર્ફે અમર વાઘેલાને ઝડપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.**

# મોટેરા: આસારામ આશ્રમના 32 ગેરકાયદે એકમો પર ચાલશે AMCનું બુલડોઝર

**દૈનિક પલ્સ સમાચાર:** અમદાવાદના મોટેરા સ્થિત વિવાદાસ્પદ આસારામ આશ્રમ પર ડિમોલિશનની તલવાર લટકી રહી છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરના પશ્ચિમ ઝોનમાં આવેલા આ આશ્રમના ૩૨ ગેરકાયદે એકમોને તોડી પાડવા માટે આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. લાંબા સમયથી ચાલી રહેલી કાયદેસરની પ્રક્રિયા બાદ હવે મનપાનું બુલડોઝર કોઈપણ ક્ષણે આશ્રમ પર ફરી શકે છે.
તંત્ર દ્વારા કરવામાં આવેલા સત્તાવાર સર્વેમાં ખુલાસો થયો છે કે આશ્રમે સરકારી જમીન પર કોઈપણ મંજૂરી વિના ગેરકાયદે બાંધકામો ખડકી દીધા છે. આ જમીન સરકારના ડ્રીમ પ્રોજેક્ટ 'સરદાર પટેલ સ્પોર્ટ્સ એન્ક્લેવ' માટે ખૂબ જ મહત્વની છે. ભારત જ્યારે ૨૦૩૬ ઓલિમ્પિક માટે બિડ કરી રહ્યું છે, ત્યારે નરેન્દ્ર મોદી સ્ટેડિયમની આસપાસના વિસ્તારોમાં આંતરરાષ્ટ્રીય સ્તરનું સ્પોર્ટ્સ સંકુલ બનાવવાનું આયોજન છે. આ ડેવલપમેન્ટ પ્લાનમાં આસારામ આશ્રમનું દબાણ મુખ્ય અવરોધ બની રહ્યું છે. આશ્રમ સત્તાવાળાઓએ આ બાંધકામોને બચાવવા માટે 'ઇમ્પેક્ટ ફી' નો સહારો લીધો હતો, પરંતુ કોર્પોરેશને સ્પષ્ટ કર્યું છે કે સરકારી જમીન પરના દબાણોને આ રીતે કાયદેસર કરી શકાય નહીં. આથી તેમની અરજી ચાર મહિના પહેલા જ રદ કરી દેવામાં આવી હતી. હાલ આ મામલો ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ (GUDA) ની એપેલેટ ઓથોરિટી સમક્ષ પેન્ડિંગ છે. મ્યુનિસિપલ કોર્પોરેશનની લીગલ કમિટીએ અધિકારીઓને આદેશ આપ્યા છે કે આ કેસમાં સ્પેશિયલ વકીલની નિમણૂક કરી વહેલી તકે સુનાવણી પૂર્ણ કરવામાં આવે.
જેવો GUDA તરફથી આખરી આદેશ મળશે, કે તરત જ ભારે પોલીસ કાફલા સાથે આશ્રમના તમામ ૩૨ ગેરકાયદે એકમોને જમીનદોસ્ત કરવાની કામગીરી શરૂ કરવામાં આવશે. સાબરમતી રિવરફ્રન્ટ અને સ્ટેડિયમની આસપાસના વિસ્તારને પ્રદૂષણ અને દબાણ મુક્ત કરવા માટે તંત્રએ આ આકરું વલણ અપનાવ્યું છે. આ કાર્યવાહી સાબિત કરે છે કે સરકારી વિકાસના કામોમાં કોઈપણ પ્રકારનું ગેરકાયદે દબાણ ચલાવી લેવામાં આવશે નહીં.




# નિકોલ: મતદાર યાદીમાં ગેરરીતિ મામલે ERO ને આવેદનપત્ર

**દૈનિક પલ્સ સમાચાર:** નિકોલ વિધાનસભા વિસ્તારમાં મતદાર યાદી સુધારણા પ્રક્રિયા વિવાદના વમળમાં ફસાઈ છે. ઓઢવ સ્થિત ERO કચેરી ખાતે ગોમતીપુર વોર્ડના કાઉન્સિલરો ઈકબાલ શેખ, ઝુલ્ફી ખાન, કમલાબેન ચૌહાણ અને વરિષ્ઠ આગેવાનોએ ERO રવિ ઠેસિયાને એક મહત્વપૂર્ણ આવેદનપત્ર સોંપ્યું હતું.
આગેવાનોએ રજૂઆત કરી હતી કે, નિકોલ વિધાનસભામાંથી આશરે 17,000 જેટલા મતદારોના નામ કમી કરવા માટે ફોર્મ નંબર 7 દ્વારા ખોટી ફરિયાદો કરવામાં આવી રહી છે. આ એક રાજકીય ષડયંત્ર હોવાનો આક્ષેપ કરતા તેમણે જણાવ્યું કે, જે લોકો ગેરમાર્ગે દોરીને નામ કમી કરાવવા માંગે છે તેમની સામે લોક પ્રતિનિધિત્વ અધિનિયમ 1950 ની કલમ 31 અને 43 હેઠળ સજાપાત્ર ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવી જોઈએ. ERO રવિ ઠેસિયાએ તમામ પક્ષોની રજૂઆતો શાંતિપૂર્વક સાંભળી હતી અને ખાતરી આપી હતી કે ચૂંટણી પંચના નિયમોનું ચુસ્ત પાલન કરવામાં આવશે અને કોઈપણ પક્ષપાત વગર સંપૂર્ણ પારદર્શક રીતે કામગીરી કરવામાં આવશે.
**રિપોર્ટ : સાજીદખાન પઠાણ**





**'સબ સુખ લહૈ તુમ્હારી સરના, તુમ રક્ષક કાહુ કો ડરના'**

# ગાંધીનગર: રાજ્ય સ્વાગતમાં CM એ સાંભળી નાગરિકોની રજૂઆતો

**દૈનિક પલ્સ સમાચાર:** ગુજરાતમાં વહીવટી પારદર્શિતા અને નાગરિકોની સમસ્યાઓના ત્વરિત નિકાલ માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે 'રાજ્ય સ્વાગત' કાર્યક્રમના માધ્યમથી એક મહત્વની કડી પૂરી પાડી છે. આજે ગાંધીનગર ખાતે જાન્યુઆરી મહિનાના ચોથા ગુરુવારે યોજાયેલા આ કાર્યક્રમમાં મુખ્યમંત્રીએ જનતાના પ્રશ્નોના નિરાકરણ માટે કચેરી ગજવી મૂકી હતી. મુખ્યમંત્રીએ આ પ્રસંગે અરજદારો સાથે ખૂબ જ સંવેદનશીલતાપૂર્વક વાતચીત કરીને વહીવટી તંત્રને સક્રિય થવા સૂચનાઓ આપી હતી.
આજના સ્વાગત કાર્યક્રમમાં મુખ્યત્વે ત્રણ મહત્વના મુદ્દાઓ પર રજૂઆતો થઈ હતી. પ્રથમ મુદ્દો ગેરકાયદેસર બાંધકામ અને જમીન પરના દબાણોનો હતો, જેમાં સામાન્ય નાગરિકોએ માર્કેટ અને રસ્તાઓ પર થયેલા અતિક્રમણ સામે ન્યાયની માંગણી કરી હતી. બીજો મહત્વનો મુદ્દો ગુજરાત હાઉસીંગ બોર્ડના જર્જરિત મકાનોનો હતો. વર્ષો જૂના આ મકાનોમાં રહેતા પરિવારોની સુરક્ષાને ધ્યાને રાખી ત્યાં નવા બાંધકામની પ્રક્રિયા ઝડપી બનાવવા મુખ્યમંત્રીએ મ્યુનિસિપલ કોર્પોરેશન અને બોર્ડના અધિકારીઓને સંયુક્ત નિર્ણય લેવા જણાવ્યું હતું. તદુપરાંત, ખેતીલાયક જમીનને થતા નુકસાન અંગે પણ ખેડૂતોએ રજૂઆતો કરી હતી. મુખ્યમંત્રીએ ખેતી એ રાજ્યની અર્થવ્યવસ્થાનો પાયો હોવાનું જણાવી ખેડૂતોના પ્રશ્નોને અગ્રતા આપવા આદેશો કર્યા હતા. તેમણે કલેક્ટરો અને સ્થાનિક વહીવટી તંત્રને સ્પષ્ટ સંદેશ આપ્યો કે, અરજદારને વારંવાર કચેરીઓના ધક્કા ખાવા ન પડે અને તેના પ્રશ્નનો સચોટ અને કાયમી ઉકેલ આવે તે જોવાની જવાબદારી તંત્રની છે. મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું કે, 'સ્વાગત' એ માત્ર ફરિયાદ સાંભળવાનું પ્લેટફોર્મ નથી, પરંતુ તે ગુડ ગવર્નન્સનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. તેમણે જિલ્લા કક્ષાએ અને તાલુકા કક્ષાએ આવતી ફરિયાદોનો પણ સમયસર નિકાલ કરવા સૂચના આપી હતી. આજના કાર્યક્રમથી અનેક પેન્ડિંગ પ્રશ્નોનો અંત આવ્યો હતો, જેનાથી અરજદારોમાં સરકાર પ્રત્યે વિશ્વાસ વધ્યો છે. વહીવટી તંત્રમાં ગતિશીલતા લાવવા અને નાગરિકલક્ષી નિર્ણયો દ્વારા સુશાસન સ્થાપવાનો રાજ્ય સરકારનો આ સંકલ્પ આજે ફરી એકવાર મજબૂત બન્યો હતો.
**રિપોર્ટ : દિપક પરમાર**

**ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જાન્યુઆરી મહિનાના 'રાજ્ય સ્વાગત' કાર્યક્રમમાં નાગરિકોની ફરિયાદો સાંભળી હતી. દબાણ, હાઉસીંગ બોર્ડના જર્જરિત મકાનો અને ખેતીની જમીનના પ્રશ્નો ઉકેલવા તેમણે જિલ્લા તંત્રને ત્વરિત નિકાલ લાવવાની કડક સૂચના આપી હતી.**

# પોષણ અભિયાન અંતર્ગત ભૂલકાઓને પૌષ્ટિક આહાર વિતરણ

**દૈનિક પલ્સ સમાચાર:** શિક્ષણની સાથે સમાજ સેવાના સમન્વયનું દ્રષ્ટાંત કપડવંજ તાલુકાના ઘડિયા ગામમાં જોવા મળ્યું છે. ઘડિયા સ્થિત શ્રી વહાણવટી હાઈસ્કુલના આચાર્ય શ્રી ચિરાગભાઈ સોલંકીએ સરકારના 'પોષણ અભિયાન' ને સાર્થક કરવા માટે એક ખાસ પહેલ હાથ ધરી છે. આજના દિવસે આચાર્યશ્રીએ ગામના આંગણવાડી કેન્દ્ર નંબર-૧ અને ૨ માં જઈને પોષણ મિત્ર તરીકેની જવાબદારી સ્વીકારી હતી.
કાર્યક્રમ દરમિયાન આચાર્યશ્રીએ નાના ભૂલકાઓને શારીરિક વિકાસ માટે અત્યંત જરૂરી એવા પોષક તત્વો ધરાવતા ખોરાકનું મહત્વ સમજાવ્યું હતું. તેમણે સ્વખર્ચે બાળકોને પૌષ્ટિક ફળ, આયર્નથી ભરપૂર ખજૂર, પ્રોટીનયુક્ત મગફળી પાક અને ચોકલેટનું વિતરણ કર્યું હતું. 'પોષણ મિત્ર' બનીને બાળકોને સીધો સહયોગ આપવાની તેમની આ રીત લોકોમાં આકર્ષણનું કેન્દ્ર બની હતી. આ પ્રવૃત્તિ દ્વારા તેમણે સમાજને સંદેશ આપ્યો છે કે જો દરેક વ્યક્તિ કે સંસ્થા પોષણ મિત્ર બને તો કોઈ પણ બાળક કુપોષિત રહેશે નહીં. આંગણવાડીના સ્ટાફ અને વાલીઓએ આચાર્ય ચિરાગભાઈની આ ઉદારતા અને સંવેદનશીલતા બદલ આભાર વ્યક્ત કર્યો હતો. હાઈસ્કુલ દ્વારા કરવામાં આવેલું આ નાનું પગલું બાળકોના ભવિષ્ય અને સ્વાસ્થ્ય માટે અત્યંત મહત્વનું સાબિત થશે.
**રિપોર્ટ : દિપક પરમાર**



# અંકલેશ્વર: ૭૪ દિવ્યાંગ બાળકોને અત્યાધુનિક સાધનોનું વિતરણ કરાયું

**દૈનિક પલ્સ સમાચાર:** અંકલેશ્વરમાં દિવ્યાંગ બાળકોને સમાજની મુખ્યધારામાં લાવવા માટે શિક્ષણ વિભાગ દ્વારા સરાહનીય પહેલ કરવામાં આવી છે. બીઆરસી ભવન ખાતે આયોજિત એક કાર્યક્રમમાં અંકલેશ્વર અને હાંસોટ પંથકના ૭૪ દિવ્યાંગ બાળકોને તેમની સ્વનિર્ભરતા માટે અત્યાધુનિક સાધનો પૂરા પાડવામાં આવ્યા હતા. આ કાર્યક્રમ ભરૂચ જિલ્લા શિક્ષણ વિભાગ અને ઉજ્જૈનની વિખ્યાત 'એલિમકો' સંસ્થાના સંકલનથી સફળ બન્યો હતો.
કાર્યક્રમમાં ઉપસ્થિત જિલ્લા આઈ.ડી. કો-ઓર્ડીનેટર ચૈતાલી પટેલ અને બીઆરસી કો-ઓર્ડીનેટર વિજય પટેલે દિવ્યાંગ બાળકો સાથે સંવાદ કરી તેમને પ્રોત્સાહિત કર્યા હતા. બાળકોને વ્હીલચેર, કાનના મશીનો, કેલિપર અને પીએલએમ કીટ જેવા સાધનો એનાયત કરાયા હતા. આ સાધનો બાળકોને શારીરિક રીતે મજબૂત બનવામાં અને શાળામાં અભ્યાસ કરવામાં ખૂબ જ મદદરૂપ થશે. પોતાના સંતાનોને આટલી મોટી સહાય મળતા વાલીઓના ચહેરા પર પણ સંતોષની લાગણી જોવા મળી હતી. સ્પેશિયલ એજ્યુકેટર સ્ટાફ અને એલિમકોના નિષ્ણાતોએ બાળકોને સાધનોનો કેવી રીતે મહત્તમ ઉપયોગ કરવો તેની સમજ આપી હતી. આ પ્રકારના આયોજનોથી દિવ્યાંગ બાળકોમાં આત્મવિશ્વાસ વધે છે અને તેઓ પોતાના જીવનના પડકારો સામે લડવા સક્ષમ બને છે. **રિપોર્ટ : કેતન મહેતા**



**અંકલેશ્વરના બીઆરસી ભવન ખાતે આજે દિવ્યાંગ બાળકોના ઉત્કર્ષ માટે વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. ભરૂચ શિક્ષણ વિભાગના આઈડી યુનિટ અને ઉજ્જૈનની 'એલિમકો' સંસ્થાના સહયોગથી અંકલેશ્વર અને હાંસોટ તાલુકાના ૭૪ દિવ્યાંગ બાળકોને નિ:શુલ્ક સાધન સહાય અપાઈ હતી. કાર્યક્રમમાં વ્હીલચેર, પીપી ચેર અને કાનના મશીનો જેવા સાધનો એનાયત કરાયા હતા. જિલ્લા આઈ.ડી. કો-ઓર્ડીનેટર ચૈતાલી પટેલ અને બીઆરસી કો-ઓર્ડીનેટર વિજય પટેલની હાજરીમાં આયોજિત આ કાર્યક્રમ દ્વારા બાળકોને સ્વનિર્ભર બનાવવાના પ્રયાસો કરાયા હતા.**

# અંકલેશ્વર: ભડકોદ્રામાં ઝેરી કચરો સળગાવવાનું ષડયંત્ર, જનતા પરેશાન

## રાત્રિના અંધકારમાં કેમિકલ કચરો સળગાવતું માફિયા તત્વ

**દૈનિક પલ્સ સમાચાર:** અંકલેશ્વરનું ભડકોદ્રા ગામ અત્યારે કેમિકલના ઝેરી ધુમાડાના ભરડામાં છે. ગામની સીમમાં આવેલી ભંગાર માર્કેટમાં છેલ્લા એક મહિનાથી રાત્રિના અંધકારમાં ગેરકાયદેસર રીતે રાસાયણિક કચરો સળગાવવાનું મસમોટું કૌભાંડ ચાલી રહ્યું છે. ગત રાત્રિએ ફરી એકવાર ઝેરી કચરો સળગાવવામાં આવતા આખું ભડકોદ્રા ધુમાડાના ગોટાથી ઘેરાઈ ગયું હતું. આ ઘટનામાં ચોંકાવનારી બાબત એ છે કે ભંગારીયા તત્વો આગ લગાડ્યા બાદ ફાયર વિભાગને પણ જાણ કરતા નથી, જે તેમની મેલી મુરાદ સાબિત કરે છે. સ્થાનિક લોકોનો આક્ષેપ છે કે આ તત્વો માત્ર હવા જ નહીં પણ પાણીને પણ દૂષિત કરી રહ્યા છે. કેમિકલના બેરલો ધોઈને તેનું કેમિકલયુક્ત પાણી ખુલ્લામાં છોડી દેવામાં આવે છે. આ બાબતે જીપીસીબી (GPCB) અને ડિઝાસ્ટર વિભાગમાં અનેક ફરિયાદો કરવામાં આવી છે, પરંતુ તંત્ર દ્વારા હજુ સુધી કોઈ પણ પ્રકારની શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવી નથી. તંત્રની આ નિષ્ક્રિયતાને કારણે ભંગાર માર્કેટના સંચાલકો બેફામ બન્યા છે. જો કોઈ મોટી આગ લાગે તો આસપાસના રહેણાંક વિસ્તારોમાં મોટી જાનહાનિ થઈ શકે તેમ છે. લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે અને તેઓ માંગ કરી રહ્યા છે કે તંત્ર કુંભકર્ણની નિદ્રા ત્યાગે અને માનવ જીવન સાથે ચેડાં કરનારા આ તત્વો સામે દાખલો બેસે તેવી કડક કાર્યવાહી કરવામાં આવે. **રિપોર્ટ : કેતન મહેતા**



**અંકલેશ્વરના ભડકોદ્રા ભંગાર માર્કેટમાં રાત્રિના સમયે ઝેરી કેમિકલ કચરો સળગાવવાનું ષડયંત્ર સામે આવ્યું છે. પ્રદૂષણ અને આગના ભય છતાં તંત્ર નિષ્ક્રિય રહેતા સ્થાનિક રહીશોના આરોગ્ય સામે મોટું જોખમ ઊભું થયું છે.**

# ભરૂચ બ્રાહ્મીસુંદરી સહેલી સર્કલ એવોર્ડ

## ભરૂચની સંસ્થાનો રાષ્ટ્રીય ડંકો: 'Best Group' એવોર્ડથી સન્માનિત

**દૈનિક પલ્સ સમાચાર:** મુંબઈના મુલુંડ ખાતે તાજેતરમાં પ.પૂ. વિજય રત્નસુંદરસૂરીશ્વરજી મહારાજ સાહેબના ૫૦૦મા પુસ્તક 'પ્રેમનું વિશ્વ, વિશ્વનો પ્રેમ'ના વિમોચન પ્રસંગે ભરૂચની મહિલા સંસ્થાએ રાષ્ટ્રીય ફલક પર ડંકો વગાડ્યો છે. ભારતભરમાં કાર્યરત ૪૫ ગ્રુપોમાંથી 'એલર્ટ બ્રાહ્મીસુંદરી સહેલી સર્કલ ગ્રુપ, ભરૂચ'ને તેની નિઃસ્વાર્થ સેવાકીય પ્રવૃત્તિઓ અને ઉત્કૃષ્ટ વ્યવસ્થાપન બદલ 'Best Group' ના એવોર્ડથી નવાજવામાં આવ્યું છે. આ સિદ્ધિને વધાવવા માટે ભરૂચમાં "ભાવે ભર્યું ભરૂચ, ભવ્ય ભરૂચનો ભાવ" કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ધાત્રિકાબેન શાહ અને પાયલબેન શાહ જેવા મહાનુભાવોની ઉપસ્થિતિમાં ગ્રુપના હોદ્દેદારોના બદલે સામાન્ય સભ્યોના હસ્તે એવોર્ડ ટ્રોફી સ્વીકારીને ટીમવર્કનું અનોખું દ્રષ્ટાંત પૂરું પડાયું હતું. વર્ષ ૨૦૨૫ દરમિયાન સામાયિક જેવી ધાર્મિક આરાધના દ્વારા સેવાકીય ફંડ એકત્ર કરવાની ગ્રુપની પદ્ધતિની પણ સૌએ પ્રશંસા કરી હતી. જૈન મહાસંઘના પ્રમુખ શાંતિલાલ શ્રોફ સહિતના અગ્રણીઓએ આ ગૌરવપૂર્ણ ક્ષણને બિરદાવી હતી. **રિપોર્ટ : કેતન મહેતા**



**ભરૂચની એલર્ટ બ્રાહ્મીસુંદરી સહેલી સર્કલને ભારતભરના 45 ગ્રુપોમાં 'Best Group' એવોર્ડ મળ્યો. મુંબઈમાં યોજાયેલ કાર્યક્રમમાં સન્માન.**

# અંકલેશ્વર: UPL દ્વારા ૨૧ ટીમો વચ્ચે ભવ્ય ફાયર સેફ્ટી સ્પર્ધા યોજાઈ

**દૈનિક પલ્સ સમાચાર:** અંકલેશ્વર ઔદ્યોગિક વસાહત આજે ફાયર સાયરન અને રેસ્ક્યુ ઓપરેશનના દિલધડક દ્રશ્યોથી ગુંજી ઉઠી હતી. UPL લિમિટેડ દ્વારા ઔદ્યોગિક સુરક્ષા જાળવી રાખવાના ભાગરૂપે ફાયર સેફ્ટી કર્મચારીઓ માટે એક ભવ્ય મોકડ્રિલ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ આયોજન એટલા માટે વિશેષ હતું કારણ કે તેમાં ગુજરાતના વિવિધ જિલ્લાઓ ઉપરાંત છેક ઉત્તર ભારતના જમ્મુ-કાશ્મીરથી પણ ઔદ્યોગિક ટીમો ભાગ લેવા પહોંચી હતી. કુલ ૨૧ ટીમો વચ્ચેની આ સ્પર્ધામાં ટેકનિકલ કૌશલ્ય અને ટીમવર્કની કસોટી થઈ હતી.

સ્પર્ધામાં ખરાખરીનો જંગ ત્યારે જોવા મળ્યો જ્યારે હાઈ-રિસ્ક રેસ્ક્યુ અને ગંભીર ગેસ લીકેજ જેવી સ્થિતિનું નિર્માણ કરાયું. કર્મચારીઓએ પ્રોફેશનલ ફાયર ફાયટિંગના સાધનો સાથે અત્યંત ઝડપી અને સચોટ કામગીરી કરીને સૌને પ્રભાવિત કર્યા હતા. આ કાર્યક્રમમાં ઇન્ડસ્ટ્રીયલ સેફ્ટી એન્ડ હેલ્થ વિભાગના ડેપ્યુટી ડાયરેક્ટર એસ.બી. પાઠકે હાજરી આપી કર્મચારીઓનો ઉત્સાહ વધાર્યો હતો. તેમણે જણાવ્યું કે, ઉદ્યોગોમાં ટેકનોલોજીની સાથે સુરક્ષાના સાધનો અને તેની જાણકારી હોવી તેટલી જ જરૂરી છે.

UPL અને DPMC ના સંચાલકોએ આ સ્પર્ધાને માત્ર એક રમત નહીં પણ તાલીમના ભાગરૂપે જોઈ હતી. દરેક ટીમની ગેસ કંટ્રોલ કરવાની પદ્ધતિ અને ઘાયલોને બચાવવાની ઝડપ પરથી તેમને રેટિંગ આપવામાં આવ્યું હતું. આ પ્રકારના રોમાંચક આયોજનોથી કર્મચારીઓમાં આત્મવિશ્વાસ વધે છે અને કંપનીઓ વચ્ચે પણ સુરક્ષાના નવા માપદંડો પ્રસ્થાપિત થાય છે. અંતમાં વિજેતા ટીમોને સન્માનિત કરવામાં આવી હતી. અંકલેશ્વર GIDC માં યોજાયેલી આ સ્પર્ધાએ સંદેશ આપ્યો છે કે ઔદ્યોગિક પ્રગતિની સાથે માનવ જીવનની સુરક્ષા એ જ પ્રથમ પ્રાથમિકતા છે.
**રિપોર્ટ : કેતન મહેતા**



**અંકલેશ્વર GIDC માં UPL લિમિટેડ દ્વારા ૨૧ ટીમો વચ્ચે ફાયર સેફ્ટી સ્પર્ધા યોજાઈ. જમ્મુ-કાશ્મીર સુધીના એકમોએ ભાગ લીધો.**

# પીએસઆઈ બનવાનું સપનું અધૂરું: ભરતી મેદાનમાં યુવાનનું મોત

**દૈનિક પલ્સ સમાચાર:** ગુજરાત પોલીસ દળમાં જોડાવાની મહેચ્છા રાખતા ઉમેદવારો માટે ભરૂચથી અત્યંત દુખદ સમાચાર સામે આવ્યા છે. ભરૂચ પોલીસ હેડક્વાર્ટરના મેદાન પર ચાલી રહેલી ભરતી પ્રક્રિયા દરમિયાન કચ્છના રવિરાજ જાડેજાનું કરુણ મોત નિપજ્યું છે. પીએસઆઈ બનવાની તૈયારી સાથે આવેલા ૨૫ વર્ષીય રવિરાજે શારીરિક કસોટીની દોડ ઉત્સાહભેર પૂર્ણ કરી હતી. જોકે, ફિનિશિંગ લાઇન વટાવ્યા બાદ તુરંત જ તેમને ગભરામણ થઈ અને તેઓ મેદાન પર જ ઢળી પડ્યા હતા. સ્થળ પર હાજર મેડિકલ ટીમે પ્રાથમિક સારવાર આપી તેમને સિવિલ અને ત્યારબાદ વધુ સારવાર માટે ખાનગી હોસ્પિટલ ખસેડ્યા હતા, પરંતુ ટૂંકી સારવાર બાદ તેમનું અવસાન થયું હતું. રવિરાજના પિતા મહેન્દ્રસિંહ વડોદરા SRPમાં ASI તરીકે કાર્યરત છે. પિતાના માર્ગે ચાલી દેશસેવા કરવાનું રવિરાજનું સપનું મેદાન પર જ વિખેરાઈ ગયું. આ ઘટનાને પગલે ભરતી કેન્દ્ર પર શોકનું મોજું ફરી વળ્યું છે. પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. **રિપોર્ટ : કેતન મહેતા**






# સુરત: UPSC વિદ્યાર્થીઓ સાથે છેતરપિંડી, સંચાલક ફી લઈને ફરાર

**દૈનિક પલ્સ સમાચાર:** સુરતના વેસુમાં શિક્ષણના ઓઠ હેઠળ ચાલી રહેલા મોટા કૌભાંડનો પર્દાફાશ થયો છે. UPSC ની પરીક્ષા પાસ કરી કલેક્ટર અને IPS બનવાના સપના જોતા વિદ્યાર્થીઓના સપનાઓને 'કરિયર ફર્સ્ટ ક્લાસ' ના સંચાલકે રાતોરાત રોળી નાખ્યા છે. ફીના નામે ઉઘાડી લૂંટ ચલાવ્યા બાદ સંચાલક પોતાની ઓફિસને તાળા મારી રફુચક્કર થઈ ગયો છે. આ ઘટનાએ સુરતમાં ફૂટી નીકળેલા અનધિકૃત કોચિંગ ક્લાસોની પોલ ખોલી નાખી છે. મળતી માહિતી મુજબ, વેસુ જેવા મોંઘા વિસ્તારમાં ઓફિસ રાખીને બેઠેલા આ સંચાલકે સેંકડો વિદ્યાર્થીઓ પાસેથી એડવાન્સ ફી વસૂલી હતી. વિદ્યાર્થીઓ જ્યારે ક્લાસમાં ભણવા પહોંચ્યા ત્યારે ત્યાં માત્ર તાળા લટકતા જોવા મળ્યા હતા. 'કરિયર ફર્સ્ટ ક્લાસ' એ નામ પ્રમાણે કરિયર બનાવવાને બદલે વિદ્યાર્થીઓના કરિયરને બરબાદ કરવાનું કામ કર્યું છે. છેતરપિંડીનો ભોગ બનેલા વિદ્યાર્થીઓ હવે લાચાર બનીને ન્યાયની માંગ કરી રહ્યા છે. અનેક વાલીઓએ દેવું કરીને કે પોતાની બચત તોડીને બાળકોની ફી ભરી હતી, જે હવે એક ઝાટકે લૂંટાઈ ગઈ છે. સૌથી મોટો સવાલ એ છે કે શિક્ષણ વિભાગ અને સ્થાનિક તંત્ર શું ઊંઘતું હતું? આવા લેભાગુ સંચાલકો જ્યારે ખુલ્લેઆમ લૂંટ ચલાવતા હોય ત્યારે કોઈ તપાસ કેમ કરવામાં આવતી નથી? શું પોલીસ આ ફરાર સંચાલકની મિલકતો જપ્ત કરીને વિદ્યાર્થીઓને તેમની ફી પરત અપાવશે? અત્યારે તો સ્થિતિ એવી છે કે વિદ્યાર્થીઓના હાથમાં માત્ર હતાશા અને અધૂરું ભવિષ્ય જ બાકી રહ્યું છે. સુરતની જનતાએ સમજી લેવું જોઈએ કે ઝાકઝમાળ ઓફિસો અને ખોટા વાયદા કરનારા દરેક ક્લાસ 'શિક્ષણના મંદિર' નથી હોતા. આ ઘટના સુરતના શિક્ષણ માફિયાઓ સામે એક લપડાક સમાન છે, જો હવે કડક કાર્યવાહી નહીં થાય તો આ જહાજ વધુ ઉંડુ ઉતરશે.

**સુરતના વેસુમાં શિક્ષણના નામે ખુલ્લેઆમ લૂંટ ચલાવવામાં આવી છે. UPSC ના સપના જોતા વિદ્યાર્થીઓની લાખોની ફી ઓહિયાં કરી 'કરિયર ફર્સ્ટ ક્લાસ' ના સંચાલક રાતોરાત રફુચક્કર થઈ ગયા છે. ભવિષ્ય ઘડનારા જ હવે ભક્ષક બન્યા છે.**

# મહુધા: છ ભેંસોની ચોરીનો ભેદ ઉકેલી બે તસ્કરોની અટકાયત

**દૈનિક પલ્સ સમાચાર:** પશુપાલકોની ચિંતામાં વધારો કરતી પશુ ચોરીની ઘટનાઓનો ભેદ ઉકેલવામાં મહુધા પોલીસને સફળતા મળી છે. અલીણા સોનીપુર પાટિયા પાસેથી છ ભેંસોની ચોરીના બનાવમાં પોલીસે બે આરોપીઓની ધરપકડ કરી છે. જિલ્લા પોલીસ વડા વિજય પટેલના આદેશથી પશુ ચોરી અટકાવવા માટે પેટ્રોલિંગમાં રહેલી મહુધા પોલીસની ટીમે બાતમીના આધારે અખ્તરહુસેન ઉર્ફે ભૂરિયો અને સદ્દામહુસેન ઉર્ફે અંગ્રેજને ઝડપી લીધા હતા. આ બંને શખ્સોની પૂછપરછ કરતા ચોંકાવનારી વિગતો સામે આવી છે. તેઓએ કબૂલાત કરી છે કે તેઓ માત્ર મહુધામાં જ નહીં, પણ આસપાસના અન્ય જિલ્લાઓમાં પણ સક્રિય હતા. આરોપીઓએ ગાંધીનગરના દહેગામ પોલીસ મથકની હદમાં વર્ષ ૨૦૨૫ અને ૨૦૨૬માં થયેલી પશુ ચોરીઓ તેમજ ડાકોર પંથકના કાલસર ગામે કરેલી ચોરીની કબૂલાત કરી છે. આ ઉપરાંત અરવલ્લી જિલ્લાના ધનસુરા અને બાયડમાં પણ તેઓએ પશુઓની ચોરી કરી હોવાનું સ્વીકાર્યું છે. મુખ્ય આરોપી અખ્તરહુસેન ગુનાહિત ઇતિહાસ ધરાવે છે અને અગાઉ પણ ગૌવંશ હત્યાના ગુનામાં ઝડપાઈ ચૂક્યો છે. આ કામગીરીમાં પી.આઈ. આર.કે. ગોહિલ, પી.એસ.આઈ. આઈ.ડી. વાઘેલા સહિતના સ્ટાફના સભ્યો જોડાયા હતા. આ પકડાયેલી ગેંગની તપાસમાં હજુ પણ અન્ય ચોરીઓના ગુના ઉકેલાવાની શક્યતા છે.
**રિપોર્ટ : પ્રકાશ વાઘેલા**



"સમાચાર તથા જાહેરાત આપવા માટે સંપર્ક કરો: ૯૯૦૯૯૧૧૧૭૫"

# બોટાદ: જાયન્ટસ પ્રીમિયર લીગ-૨ સંપન્ન, જાયન્ટસ વોરિયર ટીમ બની વિજેતા

**દૈનિક પલ્સ સમાચાર:** બોટાદમાં ખેલકૂદ પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવાના હેતુથી જાયન્ટસ ગ્રુપ ઓફ બોટાદ દ્વારા જાયન્ટસ પ્રીમિયર લીગ (GPL) ની બીજી સીઝનનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. પ્રિઝમ બોક્સ ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે રમાયેલી આ ટૂર્નામેન્ટમાં ચાર ટીમો વચ્ચે રસાકસીભર્યા મુકાબલા જોવા મળ્યા હતા. ખેલાડીઓના જોશ અને દર્શકોના ઉત્સાહ વચ્ચે ફાઈનલ મેચ અત્યંત રોમાંચક રહી હતી, જેમાં જાયન્ટસ વોરિયર ટીમે વિજય મેળવી ચેમ્પિયન ટ્રોફી પોતાના નામે કરી હતી. જાયન્ટસ ગુજરાત ટીમે પણ ઉત્સાહપૂર્વક રમી દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

આ સમગ્ર પ્રોજેક્ટને સફળ બનાવવા માટે પ્રોજેક્ટ ચેરમેન પિન્ટુભાઈ અને હરેશભાઈ પીઠવા દ્વારા સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. ઇનામ વિતરણ સમારોહમાં વિજેતા ટીમોને ટ્રોફી અને શ્રેષ્ઠ દેખાવ કરનારા ખેલાડીઓને મેડલ અર્પણ કરાયા હતા. ખાસ કરીને બેસ્ટ બોલર, બેસ્ટ બેટ્સમેન અને મેન ઓફ ધ મેચના એવોર્ડ આપી યુવા પ્રતિભાને પ્રોત્સાહિત કરવામાં આવી હતી. જાયન્ટસ ગ્રુપના હોદ્દેદારોએ તમામ સહભાગીઓ અને સહયોગીઓનો આભાર વ્યક્ત કર્યો હતો. આ ટૂર્નામેન્ટનો મુખ્ય ઉદ્દેશ્ય રમતગમત દ્વારા સભ્યો વચ્ચે ભાઈચારો અને શારીરિક તંદુરસ્તી જાળવવાનો હતો, જે સફળતાપૂર્વક પૂર્ણ થયો છે. **રિપોર્ટ : કનુભાઈ ખાચર**



**બોટાદમાં જાયન્ટસ ગ્રુપ આયોજિત "જાયન્ટસ પ્રીમિયર લીગ-2" સફળતાપૂર્વક સંપન્ન થઈ છે. પ્રિઝમ બોક્સ ક્રિકેટ ગ્રાઉન્ડ પર રમાયેલી ફાઈનલમાં જાયન્ટસ વોરિયર ટીમ વિજેતા બની હતી. વિજેતા અને રનર-અપ ટીમો સહિત શ્રેષ્ઠ ખેલાડીઓને ટ્રોફી અને મેડલ એનાયત કરાયા હતા.**

# કેશોદમાં ફિલ્ટર પ્લાન્ટનું ખાતમુહૂર્ત: ધારાસભ્ય દેવાભાઈ માલમની હાજરી

## કેશોદ: ત્રાગળસા પીર પાસે નવા ફિલ્ટર પ્લાન્ટની શરૂઆત

**દૈનિક પલ્સ સમાચાર:** કેશોદ શહેરના વિકાસને નવી ઊંચાઈઓ પર લઈ જવા માટે કેશોદ નગરપાલિકા સતત કાર્યશીલ છે. જનસેવાના સૂત્રને વરેલી પાલિકાની ટીમ દ્વારા આજે ત્રાગળસા પીર વિસ્તારમાં એક ભવ્ય ખાતમુહૂર્ત કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. શહેરની પાણીની જરૂરિયાત અને શુદ્ધતાને પ્રાધાન્ય આપતા નગરપાલિકાએ અહીં નવા ફિલ્ટર પ્લાન્ટના નિર્માણનો સંકલ્પ કર્યો છે. આ મહત્વપૂર્ણ કાર્યની શરૂઆત ધારાસભ્ય શ્રી દેવાભાઈ માલમના હસ્તે અને નગરપાલિકા પ્રમુખ શ્રી મેહુલભાઈ ગોંડલીયાની વિશેષ ઉપસ્થિતિમાં કરવામાં આવી હતી.

ધારાસભ્ય દેવાભાઈ માલમે આ તકે જણાવ્યું હતું કે, કેશોદની જનતાને પાયાની સુવિધાઓમાં કોઈ કમી ન રહે તે માટે સરકાર અને પાલિકા ખભેખભા મિલાવીને કામ કરી રહ્યા છે. નવો ફિલ્ટર પ્લાન્ટ આધુનિક ટેકનોલોજીથી સજ્જ હશે જે પાણીમાં રહેલી અશુદ્ધિઓને દૂર કરી આરોગ્યપ્રદ પાણી પહોંચાડશે. આ પ્રસંગે શહેરના અગ્રણીઓ જેવા કે ચિરાગભાઈ ભોપાળા, લખનભાઈ ભરડા, અને મહેશભાઈ પરમાર (મયકો) એ હાજર રહીને ટીમને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

નગરપાલિકાના ચીફ ઓફિસર અને શહેર સંગઠન પ્રમુખ શ્રી હિરેનભાઈ ભોરણીયાએ પણ પોતાની ટીમ સાથે કાર્યક્રમમાં હાજરી આપી હતી. નગરપાલિકાના સદસ્યો, એન્જિનિયરો અને ભાજપ પરિવારના અસંખ્ય કાર્યકરોની હાજરીમાં આ ખાતમુહૂર્ત વિધિ સંપન્ન થઈ હતી. મેહુલભાઈ ગોંડલીયાએ આ તકે ઉમેર્યું કે, કેશોદના વિકાસ માટે આગામી સમયમાં રસ્તા, ગટર અને લાઈટિંગના પ્રોજેક્ટ્સ પણ તેજ ગતિએ આગળ વધશે. આ કાર્યક્રમમાં પાલિકા સ્ટાફ અને સ્થાનિક નાગરિકોએ મોટી સંખ્યામાં જોડાઈને વહીવટી તંત્રની આ કામગીરી પર વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. આ ફિલ્ટર પ્લાન્ટ શરૂ થતા જ શહેરના જળ વિતરણ વ્યવસ્થામાં મોટો સુધારો જોવા મળશે. **રિપોર્ટ : હર્ષ ભરડા**

**કેશોદના ત્રાગળસા પીર પાસે નવા ફિલ્ટર પ્લાન્ટનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. ધારાસભ્ય દેવાભાઈ માલમ અને પાલિકા પ્રમુખ મેહુલભાઈ ગોંડલીયાની ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય નગરજનોને શુદ્ધ પાણી પૂરું પાડી વિકાસને નવી ગતિ આપવાનો છે.**

# પાળિયાદ: વિસામણબાપુના પ્રાગટ્ય પર્વે ઝળહળ્યું વિહળધામ

**દૈનિક પલ્સ સમાચાર:** પાળિયાદ સ્થિત પૂજ્ય વિસામણબાપુની જગ્યામાં આજે દિવ્યતાના દર્શન થયા. નિમિત્ત હતું અયોધ્યા રામલલ્લા પ્રતિષ્ઠાના બે વર્ષની પૂર્ણતા અને વસંત પંચમીના પવિત્ર દિવસે આવતા પૂજ્ય શ્રી વિસામણબાપુના પ્રાગટ્ય પર્વની પૂર્વસંધ્યા. આ વિશેષ અવસરે વિહળધામ ખાતે ભવ્ય દીપોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. પરમ પૂજ્ય શ્રી રાઘવેન્દ્ર સરકાર તથા ૧૦૦૮ મહામંડલેશ્વર નિર્મળાબાના આશીર્વાદથી અને પૂજ્ય ભયલુબાપુના સુચારુ માર્ગદર્શન હેઠળ હજારો દીવડાઓ પ્રગટાવી ભક્તિભાવપૂર્વક ઉજવણી કરાઈ. શ્રદ્ધાળુઓએ સ્વહસ્તે દીપ પ્રગટાવી સમગ્ર પરિસરને પ્રકાશિત કરી દીધું હતું. દીવડાઓની હારમાળાથી સર્જાયેલો દ્રશ્ય ભક્તો માટે અલૌકિક અનુભૂતિ સમાન હતો. પૂજ્ય બાપુના જીવન અને તેમના સેવાકાર્યોનું સ્મરણ કરતા ભક્તોએ શ્રદ્ધા સાથે ભક્તિગીતો અને મંત્રોચ્ચાર કર્યા હતા. આ પૂર્વે સંધ્યાના સમયે દીપોત્સવની ઝળહળતી રોશનીમાં આધ્યાત્મિક ચેતનાનો સંચાર થયો હોય તેવું વાતાવરણ અનુભવાયું હતું. આ ઉજવણીએ ન માત્ર ધાર્મિક મહત્વ જાળવ્યું પરંતુ લોકોમાં શાંતિ અને સદભાવનાનો સંદેશ પણ પ્રસરાવ્યો. આવતીકાલે વસંત પંચમીના મુખ્ય પર્વ નિમિત્તે પણ જગ્યામાં વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

**રિપોર્ટ : કનુભાઈ ખાચર**



# સાબરકાંઠા LCBની મોટી સફળતા: 5 બાઈક ચોર ઝડપાયા, 10 વાહન જપ્ત

**દૈનિક પલ્સ સમાચાર:** સાબરકાંઠા લોકલ ક્રાઈમ બ્રાન્ચને મોટી સફળતા મળી છે. હિંમતનગર તાલુકાના ગામડી ગામની સીમમાં સર્ચ ઓપરેશન હાથ ધરીને LCB એ આંતરરાજ્ય બાઇક ચોર ગેંગના 5 આરોપીઓને દબોચી લીધા છે. પોલીસને બાતમી મળી હતી કે રાજસ્થાનનો એક શખ્સ ચોરાયેલા બાઇક સાથે હિંમતનગર તરફ આવી રહ્યો છે. આ બાતમીના આધારે વોચ ગોઠવીને તપાસ કરતા 10 મોટર સાયકલ મળી આવ્યા હતા, જેની કિંમત 6.60 લાખ રૂપિયા આંકવામાં આવી છે. ઝડપાયેલા આરોપીઓમાં મુખ્ય સૂત્રધાર રાકેશ ખરાડી, અનનલ કુમાર કટારા, અજિત અહારી, ગણેશ કટારા અને સુરેશ ખરાડીનો સમાવેશ થાય છે. આ તમામ આરોપીઓ રાજસ્થાનના રહેવાસી છે. કડક પૂછપરછ દરમિયાન તેમણે કબૂલાત કરી હતી કે છેલ્લા એક વર્ષમાં તેમણે ઇડર, હિંમતનગર એ-ડિવિઝન, ગોધરા, ભિલોડા, દહેગામ, ડભોડા, અમદાવાદ અને ઉદેપુર બસ સ્ટેન્ડ વિસ્તારમાંથી વાહનોની ચોરી કરી હતી. આ કામગીરીમાં LCB ના પી.આઈ. ડી.સી. સાકરીયા અને પી.એસ.આઈ. એસ.જે. ચાવડા સહિતની ટીમે મહત્વની ભૂમિકા ભજવી છે. જોકે, હજુ પણ આ ગેંગના અન્ય 4 સાગરીતો - બાલુરામ, જયંતી, શિવારામ અને રણજીત પોલીસ પકડથી દૂર છે. પકડાયેલા આરોપીઓને આગળની કાનૂની કાર્યવાહી માટે ગાંભોઈ પોલીસ મથકે સોંપવામાં આવ્યા છે. **રિપોર્ટ : જનક જાદવ**



**સાબરકાંઠા LCB એ હિંમતનગરના ગામડી હાઇવે પરથી આંતરરાજ્ય બાઇક ચોર ગેંગના 5 સાગરીતોને ઝડપી લીધા છે. તેમની પાસેથી 6.60 લાખની કિંમતના 10 ચોરાયેલા મોટર સાયકલ જપ્ત કરવામાં આવ્યા છે, જ્યારે અન્ય 4 આરોપીઓની શોધખોળ ચાલુ છે.**

# ડીસા બનાસ નદી પુલ અકસ્માત

## ડીસા: એસટી બસ, ટેન્કર અને ઈકો વચ્ચે ત્રિપલ અકસ્માત

**દૈનિક પલ્સ સમાચાર:** બનાસકાંઠા જિલ્લાના ડીસા નજીક આવેલા બનાસ નદીના પુલ પર આજે સવારે ગમખ્વાર અકસ્માત સર્જાતા અફરાતફરી મચી ગઈ હતી. એસટી બસ, દૂધનું ટેન્કર અને ઈકો ગાડી વચ્ચે સર્જાયેલા આ ત્રિપલ અકસ્માતને પગલે હાઈવે પર દોડધામ મચી હતી. ત્રણેય વાહનો વચ્ચે થયેલી ટક્કરને કારણે વાહનોને નુકસાન પહોંચ્યું હતું, પરંતુ સદનસીબે તમામ મુસાફરો સુરક્ષિત હોવાથી મોટી જાનહાનિ ટળી છે. આ અકસ્માતને કારણે ડીસાથી પાલનપુર અને આસપાસના વિસ્તારોને જોડતા બનાસ નદીના પુલ પર ટ્રાફિકની ગંભીર સમસ્યા સર્જાઈ હતી. કલાકો સુધી વાહનોના પૈડાં થંભી જતા મુસાફરો અને વાહનચાલકો કાળઝાળ ગરમીમાં મુશ્કેલીમાં મુકાયા હતા. ડીસા રૂરલ પોલીસે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચીને અકસ્માતગ્રસ્ત વાહનોને ખસેડવાની અને ટ્રાફિક સુચારુ કરવાની તજવીજ હાથ ધરી છે. પોલીસ દ્વારા અકસ્માત પાછળના ચોક્કસ કારણો જાણવા તપાસ કરવામાં આવી રહી છે.

**ડીસા બનાસ નદીના પુલ પર એસટી બસ, દૂધનું ટેન્કર અને ઈકો વચ્ચે અકસ્માત સર્જાયો. જાનહાનિ ટળી, પરંતુ ટ્રાફિક જામથી મુસાફરો પરેશાન.**

# ૧૦૮ ના કર્મીઓએ માતા અને નવજાત શિશુનો જીવ બચાવ્યો

**દૈનિક પલ્સ સમાચાર:** સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર ખાતે ૧૦૮ એમ્બ્યુલન્સની ટીમે માનવતા અને કર્તવ્યનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. રામેશ્વર મંદિર સામે આવેલી ઝુંપડપટ્ટીમાં રહેતા કીર્તિબેન શર્માને અચાનક પ્રસૂતિની પીડા શરૂ થતા પરિવાર ચિંતામાં મુકાયો હતો. ૧૦૮ ને જાણ કરાતા EMT ભાર્ગવ પટેલ અને પાયલોટ રમેશભાઈ તુરંત ત્યાં પહોંચ્યા હતા. તપાસ કરતા જણાયું કે હોસ્પિટલ જવાનો સમય નથી, તેથી ટીમે તાત્કાલિક ઝુંપડામાં જ લેબર રૂમ જેવી વ્યવસ્થા ઉભી કરી પ્રસૂતિની પ્રક્રિયા હાથ ધરી હતી.

ડિલિવરી સમયે જટિલ પરિસ્થિતિ સર્જાઈ હતી કારણ કે નવજાત શિશુના ગળામાં ગર્ભનાળ વીંટળાઈ ગઈ હતી અને બાળકના ફેફસામાં ગંદુ પાણી જવાની ભીતિ હતી. EMT ભાર્ગવ પટેલે સમય સૂચકતા વાપરી ફિઝિશિયન ડો. રામાણીનું માર્ગદર્શન લીધું અને સફળતાપૂર્વક ડિલિવરી કરાવી બાળકને નવજીવન આપ્યું હતું. ત્યારબાદ માતા અને બાળક બંનેને સુરક્ષિત રીતે એમ્બ્યુલન્સ મારફતે હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ૧૦૮ ની આ ત્વરિત અને સચોટ કામગીરીને કારણે આજે એક માતાનો ખોળો ભરેલો રહ્યો છે. આ સેવા બદલ પરિવારજનોએ હર્ષની લાગણી સાથે ૧૦૮ ની આખી ટીમનો અંતઃકરણપૂર્વક આભાર માન્યો હતો. **રિપોર્ટ : જનક જાદવ**



**હિંમતનગરમાં ૧૦૮ ની ટીમે ગળામાં નાળ વીંટળાયેલા બાળકનો જીવ બચાવી સફળ પ્રસૂતિ કરાવી. માતા અને બાળક બંને સુરક્ષિત છે.**

# હિંમતનગરમાં પ્રજાસત્તાક પર્વની ભવ્ય ઉજવણી: કલેક્ટર કરશે ધ્વજવંદન

**દૈનિક પલ્સ સમાચાર:** દેશના ૭૭મા પ્રજાસત્તાક પર્વની ઉજવણીને આડે હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે, ત્યારે સમગ્ર સાબરકાંઠા જિલ્લામાં રાષ્ટ્રપ્રેમનો જુવાળ જોવા મળી રહ્યો છે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ૨૬મી જાન્યુઆરીના પવિત્ર રાષ્ટ્રીય પર્વની ઉજવણી માટે હિંમતનગરમાં તડામાર તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, આ વર્ષે સાબરકાંઠા જિલ્લા કક્ષાની મુખ્ય ઉજવણી હિંમતનગર શહેરના હાર્દ સમાન આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં યોજાનાર છે.

આ ભવ્ય આયોજનની કમાન જિલ્લા કલેક્ટર લલિત નારાયણ સીધું પોતે સંભાળી રહ્યા છે. તેમના અધ્યક્ષસ્થાને યોજાનાર આ કાર્યક્રમમાં ધ્વજવંદન બાદ પોલીસ દળની વિવિધ પ્લાટુનો દ્વારા સલામી આપવામાં આવશે. આ પ્રસંગે જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ, મહાનુભાવો અને નાગરિકોની ગરિમામય ઉપસ્થિતિ રહેશે. હિંમતનગરની આર્ટ્સ કોલેજમાં આયોજિત આ સમારોહને આકર્ષક બનાવવા માટે તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ ચાલી રહી છે. મેદાનમાં પરેડના રિહર્સલની સાથે સાથે શાળા-કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા દેશભક્તિના રંગે રંગાયેલા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોની પ્રસ્તુતિની તૈયારીઓ પણ આખરી તબક્કામાં છે.

પોલીસ વિભાગે સુરક્ષાના ચુસ્ત બંદોબસ્તનું આયોજન કર્યું છે, જ્યારે મહેસૂલ અને શિક્ષણ વિભાગે કાર્યક્રમની વ્યવસ્થા સંભાળી છે. જિલ્લા કલેક્ટર લલિત નારાયણ સીધું દ્વારા સમયાંતરે સ્થળ મુલાકાત લઈ માર્ગદર્શન પૂરું પાડવામાં આવી રહ્યું છે. હિંમતનગરમાં આ પ્રજાસત્તાક પર્વની ઉજવણી નિમિત્તે સરકારી ઇમારતોને રોશનીથી શણગારવામાં આવશે. દેશના સંવિધાન અને લોકશાહીના આ પર્વને લઈ હિંમતનગરવાસીઓમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. વહીવટી તંત્ર દ્વારા જનતાને આ પર્વમાં ઉત્સાહભેર ભાગ લેવા માટે આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. ૨૬મી જાન્યુઆરીના દિવસે હિંમતનગરના આંગણે તિરંગો શાનથી લહેરાશે અને સમગ્ર જિલ્લો રાષ્ટ્રભક્તિના સૂરોથી ગુંજી ઉઠશે.

**રિપોર્ટ : જનક જાદવ**





# ગઢડામાં રામલલ્લા પ્રતિષ્ઠાના બે વર્ષની ઉજવણી: મહાઆરતી

**દૈનિક પલ્સ સમાચાર**: ભારતના ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાયેલા અયોધ્યા રામ મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવને આજે બે વર્ષ પૂર્ણ થયા છે. આ ઐતિહાસિક ક્ષણને યાદગાર બનાવવા માટે ગઢડા શહેર વિશ્વ હિન્દુ પરિષદની ટીમ દ્વારા વિશેષ ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ગઢડાના પ્રવેશદ્વાર સમાન બોટાદ ના ઝાંપે આવેલા હનુમાનજી દાદાના પ્રાંગણમાં શ્રદ્ધા પૂર્વક મહાઆરતી ઉતારવામાં આવી હતી.

આ ઉજવણીમાં ભવ્ય આતશબાજીએ આકાશને ઝગમગાવી દીધું હતું અને વાતાવરણમાં 'જય શ્રી રામ' ના નાદ ગુંજી ઉઠ્યા હતા. આ પ્રસંગે બોટાદ જિલ્લા વિશ્વ હિન્દુ પરિષદના ઉપપ્રમુખ મુકેશભાઈ ડાંગર, ગઢડા VHP મંત્રી ચંદ્રકાન્તભાઈ સોલંકી તેમજ સંગઠનના તમામ કાર્યકર્તાઓએ હાજર રહીને ભક્તિભાવ સાથે સેવા આપી હતી. કાર્યક્રમ બાદ હાજર તમામ ભક્તોને પ્રસાદ વિતરણ કરવામાં આવ્યો હતો. આ આયોજને ગઢડાના ભક્તોમાં અયોધ્યાના મહોત્સવની યાદો તાજી કરી દીધી હતી. **રિપોર્ટ : મનસુખ વાળા**



# મહેસાણામાં ઠંડી વચ્ચે વરસાદી છાંટા: લોકો મૂંઝાયા, સ્વેટર પહેરવું કે રેઈનકોટ?

**દૈનિક પલ્સ સમાચાર:** મહેસાણામાં આજે કુદરતનો એવો મિજાજ જોવા મળ્યો જે શિયાળાની કલ્પનામાં પણ ન હોય. કાતિલ ઠંડીના સકંજામાં રહેલા મહેસાણા જિલ્લામાં આજે અચાનક વાતાવરણ પલટાયું અને કમોસમી વરસાદી છાંટા પડતા લોકો આશ્ચર્યચકિત થઈ ગયા છે. આકાશમાં કાળા ડિબાંગ વાદળો અને ઠંડા પવનોની સાથે વરસાદી છાંટા પડતા જનજીવન પર તેની વ્યાપક અસર જોવા મળી રહી છે.

લોકો માટે હવે આ સૌથી મોટી મૂંઝવણ બની છે કે ઘરની બહાર નીકળતી વખતે જેકેટ પહેરીને નીકળવું કે રેઈનકોટ સાથે રાખવો? મહેસાણાના વિવિધ વિસ્તારોમાં સાંજ પડતા જ હળવો વરસાદ પડતા રસ્તાઓ ભીના થયા હતા, જેના કારણે ટુ-વ્હીલર ચાલકો અટવાયા હતા. શિયાળાની આ મધરાતે "બેવડી ઋતુ" નો આ અહેસાસ માત્ર આશ્ચર્યજનક જ નથી પણ ચિંતાજનક પણ છે. ખેડૂતોમાં પોતાના ઉભા પાકને લઈને ચિંતાની લહેર પ્રસરી ગઈ છે, કારણ કે આ સમયે પડતો વરસાદ જીરું અને અન્ય રવિ પાકો માટે નુકસાનકારક સાબિત થઈ શકે છે.

બજારોમાં અને સોસાયટીઓમાં લોકો એકઠા થઈને હવામાનના આ અજીબોગરીબ ફેરફારની ચર્ચા કરી રહ્યા છે. ઘણા લોકો આને ગ્લોબલ વોર્મિંગની અસર ગણાવી રહ્યા છે. જોકે, આ બદલાતા હવામાનની સૌથી વધુ અસર લોકોના સ્વાસ્થ્ય પર પડી શકે છે. ઠંડી અને વરસાદના મિશ્રણથી શરદી, ઉધરસ અને તાવ જેવા રોગોમાં ઉછાળો આવી શકે છે. મહેસાણામાં હાલમાં એવો માહોલ છે કે જાણે શિયાળો અને ચોમાસું બંને એકસાથે આવ્યા હોય. હવામાન વિભાગની આગાહી મુજબ હજુ પણ થોડો સમય વાદળછાયું વાતાવરણ રહી શકે છે, તેથી નાગરિકોને સાવચેત રહેવા અને સ્વાસ્થ્યનું ધ્યાન રાખવા અપીલ કરવામાં આવી છે.

**રિપોર્ટ : વિષ્ણુ ઠાકોર**

**ગુજરાતમાં ઠંડીનો પારો ગગડવાની સાથે મહેસાણામાં આજે કુદરતનો અજીબોગરીબ મિજાજ જોવા મળ્યો છે. ભર શિયાળામાં આકાશ વાદળછાયું બન્યું અને સાંજ પડતા જ વરસાદી છાંટા પડતા માર્ગો ભીના થયા હતા. એકતરફ કાતિલ ઠંડી અને બીજી તરફ વરસાદી માહોલને કારણે મહેસાણાવાસીઓ "બેવડી ઋતુ" નો અનુભવ કરી રહ્યા છે. અચાનક બદલાયેલા વાતાવરણથી વાહનચાલકો અટવાયા હતા અને બજારમાં ખરીદી કરવા નીકળેલા લોકોમાં સ્વેટર પહેરવું કે રેઈનકોટ સાથે રાખવો તેને લઈને મૂંઝવણ જોવા મળી હતી.**

# વાવ-થરાદમાં રાજ્યકક્ષાનો પ્રજાસત્તાક પર્વ: કલેક્ટરની પ્રેસ કોન્ફરન્સ

## વાવ-થરાદ: ૨૬ જાન્યુઆરીની રાજ્યકક્ષાની ઉજવણીની તૈયારીઓ

**દૈનિક પલ્સ સમાચાર:** વાવ-થરાદમાં આગામી ૨૬ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ યોજાનાર ૭૭મા પ્રજાસત્તાક પર્વની રાજ્યકક્ષાની ઉજવણી માટે તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. જિલ્લા કલેક્ટર જે.એસ. પ્રજાપતિએ થરાદ કલેક્ટર કચેરી ખાતે પ્રેસ કોન્ફરન્સ યોજી આ ભવ્ય આયોજનની રૂપરેખા જાહેર કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, નવીન વાવ-થરાદ જિલ્લો આ મહત્વપૂર્ણ રાષ્ટ્રીય પર્વની યજમાની કરવા માટે સજ્જ છે.
આ કાર્યક્રમમાં ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી ધ્વજવંદન કરાવશે, જ્યારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિત રાજ્ય મંત્રીમંડળના સભ્યો ઉપસ્થિત રહેશે. કલેક્ટરે પ્રેસ કોન્ફરન્સમાં ભાર મૂક્યો હતો કે આ ઉજવણી જિલ્લાના વિકાસ માટે નવી દિશા ખોલશે. રાજ્યકક્ષાના આ પ્રોટોકોલ મુજબ પરેડ, વિવિધ ટેબ્લોનું પ્રદર્શન અને સાંસ્કૃતિક કાર્યક્રમો આકર્ષણનું



કેન્દ્ર બનશે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા મહેમાનો અને પ્રજા માટે બેઠક વ્યવસ્થા તેમજ ટ્રાફિક મેનેજમેન્ટની ચોક્કસ યોજનાઓ ઘડવામાં આવી છે. કલેક્ટર જે.એસ. પ્રજાપતિએ આ પર્વને લોકઉત્સવ તરીકે ઉજવવા માટે જિલ્લાવાસીઓને અપીલ કરી છે. આ પ્રજાસત્તાક પર્વની ઉજવણી થકી વાવ-થરાદની સંસ્કૃતિ અને વિકાસની ઝલક સમગ્ર રાજ્યમાં પહોંચશે.
**રિપોર્ટ : વશાભાઈ વાલડીયા**

# NRI ટાવર દુર્ઘટના: યશરાજસિંહ ગોહિલ અને પત્નીનું નિધન

**દૈનિક પલ્સ સમાચાર:** અમદાવાદના બોડકદેવ વિસ્તારમાં સ્થિત NRI ટાવરમાં ગઈકાલે મોડી રાત્રે એક હૃદયદ્રાવક ઘટનામાં દંપતીનું નિધન થયું છે. કોંગ્રેસ નેતા શક્તિસિંહ ગોહિલના ભત્રીજા અને જીએમબીના ક્લાસ-1 અધિકારી યશરાજસિંહ ગોહિલ રિવોલ્વર જોઈ રહ્યા હતા ત્યારે અકસ્માતે ગોળી છૂટી હતી, જે તેમની પત્ની રાજેશ્વરીબાના ગળાના ભાગે વાગી હતી. ગંભીર હાલતમાં યશરાજસિંહે તુરંત ૧૦૮ ને કોલ કર્યો હતો.
૫ મિનિટમાં પહોંચેલી ૧૦૮ ની ટીમે તપાસતા પત્નીનું મોત નીપજ્યું હોવાનું માલૂમ પડ્યું હતું. પત્નીના મોતના સમાચાર સાંભળતા જ યશરાજસિંહ આઘાતમાં સરી પડ્યા હતા અને સ્ટાફ કંઈ સમજે તે પહેલા જ પોતાની રિવોલ્વરથી પોતે પણ ગોળી મારી આત્મહત્યા કરી લીધી હતી. આ કરુણ દ્રશ્ય તેમના ૬૦ વર્ષીય માતા અને પેરામેડિકલ સ્ટાફની નજર સામે જ સર્જાયું હતું. વસ્ત્રાપુર પોલીસ અને ક્રાઈમ બ્રાન્ચે ઘટનાસ્થળે પહોંચી તપાસ શરૂ કરી છે. દંપતી વચ્ચે કોઈ ઝઘડો નહોતો અને તેઓ થોડીવાર પહેલા જ સંબંધીના ઘરેથી જમીને પરત ફર્યા હતા.
**રિપોર્ટ : વિષ્ણુ ઠાકોર**



**મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ૨૨ જાન્યુઆરીએ 'સ્વાગત' કાર્યક્રમમાં જનફરિયાદ સાંભળશે. રજૂઆતો સવારે ૮ થી ૧૧ દરમિયાન કરી શકાશે.**

# મીઠાવીચારણના ગ્રામજનો કલેક્ટર કચેરીએ: તળાવની ગંદકી દૂર કરવા માંગ

**દૈનિક પલ્સ સમાચાર:** બનાસકાંઠા જિલ્લાના મીઠાવીચારણ ગામના રહીશો માટે તળાવના પાણીની સમસ્યા હવે જીવન-મરણનો પ્રશ્ન બની ગઈ છે. આજે મોટી સંખ્યામાં ગ્રામજનો અને ખેડૂતોએ વાવ-થરાદ કલેક્ટર કચેરીએ પહોંચીને ઉગ્ર રજૂઆત કરી હતી અને આવેદનપત્ર આપીને વહેલી તકે ઉકેલ લાવવા માંગણી કરી હતી. ગ્રામજનોની વેદના છે કે, ગામનું જે તળાવ એક સમયે ઉપયોગી હતું, તે હવે અતિવૃષ્ટિ બાદ ખારા પાણી અને ગંદકીનો સ્ત્રોત બની ગયું છે. ખેડૂતોએ કલેક્ટર સમક્ષ વ્યથા ઠાલવતા જણાવ્યું કે, તળાવના ખારા પાણી આસપાસની ખેતીની જમીનમાં પ્રસરી રહ્યા છે. જમીન પર સફેદ ક્ષારના થર જામી જવાના કારણે પાક બળી રહ્યો છે અને ખેડૂતો દેવામાં ડૂબી રહ્યા છે. જમીન બિનઉપજાઉ થવાને કારણે ભવિષ્યમાં ખેતી કરવી પણ અશક્ય બની જશે. બીજી તરફ, સામાજિક અને સ્વાસ્થ્યની દ્રષ્ટિએ પણ સ્થિતિ ચિંતાજનક છે. તળાવના કિનારે જ આંગણવાડી અને પ્રાથમિક શાળા કાર્યરત છે. દૂષિત પાણીના ભરાવાને કારણે મચ્છરો અને ઝેરી જંતુઓનો ખતરો વધી ગયો છે, જે શાળાએ જતા નાના બાળકો માટે જીવલેણ સાબિત થઈ શકે છે. ગ્રામજનોનો આરોપ છે કે લોકશાહીમાં રજૂઆતો કરવા છતાં ધારાસભ્ય કે તાલુકા પંચાયત સ્તરેથી માત્ર આશ્વાસનો જ મળ્યા છે, નક્કર કામગીરી શૂન્ય રહી છે. ખેડૂતોએ કલેક્ટરને સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે, જો તંત્ર ખરેખર ગરીબ અને સામાન્ય જનતાની પડખે હોય, તો કલેક્ટર સાહેબે જાતે ગામની મુલાકાત લેવી જોઈએ અને આ નરક જેવી સ્થિતિમાંથી ગ્રામજનોને મુક્તિ અપાવવી જોઈએ. ગામની ફળદ્રુપ જમીનને બચાવવા માટે તળાવના પાણીનો યોગ્ય નિકાલ કરવો અનિવાર્ય છે. હવે જોવાનું એ રહે છે કે કલેક્ટરની આ દરમિયાનગીરી બાદ મીઠાવીચારણ ગામને ગંદકી અને ખારાશથી છુટકારો મળે છે કે કેમ.
**રિપોર્ટ : વશાભાઈ વાલડીયા**

**મીઠાવીચારણ ગામના તળાવના ખારા અને ગંદા પાણીના નિકાલની માંગ સાથે ગ્રામજનોએ કલેક્ટરને આવેદનપત્ર આપ્યું છે. આ દૂષિત પાણીથી ખેતીની જમીન બિનઉપજાઉ બની રહી છે અને નજીકની શાળા-આંગણવાડીમાં બાળકોના આરોગ્ય સામે જોખમ ઊભું થયું**

# પલસાણા: નેશનલ હાઈવે પર અકસ્માતમાં વૃદ્ધનું કરુણ મોત

**દૈનિક પલ્સ સમાચાર:** પલસાણા તાલુકામાં માર્ગ અકસ્માતની સિલસિલો યથાવત રહ્યો છે, જેમાં કાનાવ ગામની સીમમાં વધુ એક જિંદગી હોમાઈ છે. મળતી માહિતી મુજબ, રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર ધુળે-હાજીરા રોડ પર અજાણ્યા વાહનની અડફેટે આવવાથી એક આધેડનું મોત નીપજ્યું છે. મૃતકની ઓળખ વિક્રમભાઈ હુન્યાભાઈ વસાવા (ઉં.વ. 55) તરીકે થઈ છે, જેઓ મૂળ સાગબારાના નિશાળ ફળિયાના રહેવાસી હતા અને વર્ષોથી પલસાણામાં મજૂરીકામ કરી ગુજરાન ચલાવતા હતા. અકસ્માત સમયે વિક્રમભાઈ રોડ ક્રોસ કરી રહ્યા હતા, ત્યારે કોઈ અજાણ્યા વાહને તેમને જોરદાર ટક્કર મારી હતી. ટક્કરને કારણે તેઓ રોડ પર પટકાયા હતા અને તેમને માથાના ભાગે જીવલેણ ઈજાઓ થઈ હતી. અકસ્માતને પગલે સ્થાનિકો એકઠા થઈ ગયા હતા, પરંતુ વાહન ચાલક અંધારાનો લાભ લઈને નાસી જવામાં સફળ રહ્યો હતો. પલસાણા પોલીસે આ મામલે મૃતકના પત્નીની ફરિયાદ સ્વીકારીને ગુનો નોંધ્યો છે. પોલીસે અકસ્માત સ્થળની વિગતો મેળવી નજીકના સીસીટીવી ફૂટેજની તપાસ શરૂ કરી છે જેથી ભાગી છૂટેલા ચાલકને ઝડપી શકાય. આ ઘટનાથી મૃતકના પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.
**રિપોર્ટ : સરફરાઝ શેખ**






## Instant Loan : ગરીબને લૂંટતી ડિજિટલ વ્યવસ્થા — એક ધીમું ઝેર

### ડિજિટલ સુવિધાના નામે સામાન્ય નાગરિકને દેવાના ચક્રમાં ધકેલતી વ્યવસ્થા

ડિજિટલ યુગમાં Instant Loan ને સહાય, સુવિધા અને તાત્કાલિક ઉકેલ તરીકે પ્રચારિત કરવામાં આવે છે. પરંતુ વાસ્તવિકતા એ છે કે આજે આ લોન વ્યવસ્થા સામાન્ય નાગરિક માટે આર્થિક શોષણનું સાધન બની ગઈ છે. સરળ પ્રક્રિયા અને ઝડપી મંજૂરીના નામે લોકોને એવી વ્યવસ્થામાં ફસાવવામાં આવે છે, જ્યાંથી બહાર આવવું અત્યંત મુશ્કેલ બની જાય છે.
હું છેલ્લા ઘણા વર્ષોથી ફાઇનાન્સ ક્ષેત્ર સાથે જોડાયેલો છું. રોજ અનેક લોકો મારા સંપર્કમાં આવે છે અને તેમાંના મોટા ભાગના લોકો Instant Loan ના ફંદામાં ફસાયેલા જોવા મળે છે. શરૂઆતમાં સહેલાઈથી મળતી લાગતી આ લોન, સમય જતાં વ્યક્તિને દેવાના ચક્રમાં ફસાવી દે છે.

Instant Loan ની કડવી હકીકત ચોંકાવનારી છે. વાર્ષિક વ્યાજ દર 24% થી 50% સુધી, માસિક વ્યાજ સરેરાશ 2% થી 4%, Processing Fees 3% થી 5% અને Insurance Charges પણ 3% થી 5% સુધી વસૂલવામાં આવે છે. આ તમામ ચાર્જીસ મળીને સામાન્ય સરાફી વ્યાજ કરતાં પણ અનેક ગણું વધારે ભારણ ઊભું કરે છે. ઘણી વખત આ શરતો લોન લેતી વેળાએ સ્પષ્ટ રીતે જણાવવામાં આવતી નથી.

આથી પણ વધુ ચિંતાજનક બાબત એ છે કે જો લોનધારક વ્યક્તિ લોન જલ્દી બંધ (Foreclosure) કરવા માગે, તો તેના પર પણ 3% થી 6% જેટલો વધારાનો ચાર્જ લગાવવામાં આવે છે. એટલે કે દેવામાંથી બહાર આવવાનો પ્રયાસ પણ દંડ સમાન બની જાય છે.

ઘણા Instant Loan Apps મોબાઇલમાંથી સંપર્ક યાદી, ફોટા અને મેસેજ જેવી વ્યક્તિગત માહિતી એકત્ર કરે છે, જે Privacy નો ગંભીર ભંગ છે અને માનસિક ત્રાસ તથા સામાજિક અપમાન સુધી લઈ જાય છે.

સરકારે વ્યાજ દર પર મર્યાદા, Processing–Insurance–Foreclosure Charges પર નિયંત્રણ, Data Privacy માટે કડક કાયદા અને ગેરકાયદે Instant Loan Apps પર પ્રતિબંધ મૂકવો અનિવાર્ય છે. Instant Loan તાત્કાલિક ઉકેલ લાગે છે, પરંતુ લાંબા ગાળે તે આર્થિક વિનાશનું કારણ બની શકે છે.

જાગો, સમજો અને સચેત રહો. ✍️ **કુલદીપ સંઘવીની કલમે**

# બલોલના દિલીપભાઈના સહયોગથી ૩૦૦ જરૂરિયાતમંદોને અલ્પાહાર

**દૈનિક પલ્સ સમાચાર**: સમાજમાં જ્યારે મોંઘવારી અને વ્યસ્તતા વધી રહી છે, ત્યારે 'સેવા પરમો ધર્મ' જેવી સંસ્થાઓ માનવતાની સુવાસ ફેલાવવાનું કાર્ય કરી રહી છે. તાજેતરમાં આ સંસ્થા દ્વારા બલોલના રહેવાસી અને પરોપકારી વ્યક્તિત્વ ધરાવતા પટેલ દિલીપભાઈ રસિકભાઈના આર્થિક સૌજન્યથી એક અનોખો સેવા યજ્ઞ આદરવામાં આવ્યો હતો. રસ્તાના કિનારે બેસીને શાકભાજી વેચતા લારીવાળા અને ફૂટપાથ પર પાથરણા પાથરીને નાનો-મોટો વ્યવસાય કરતા અંદાજે ૩૦૦ જેટલા શ્રમિકોને ગરમાગરમ પફનો અલ્પાહાર કરાવવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં સેવા પરમો ધર્મ સંસ્થાની આખી ટીમ સક્રિય રહી હતી. સંસ્થાના પ્રમુખ શ્રી પટેલ જીતુભાઈ વાલાના માર્ગદર્શન હેઠળ ખજાનચી અમૃતભાઈ પ્રજાપતિ તેમજ કાર્યકર મિત્રો પરેશભાઈ પટેલ અને કનુભાઈ પ્રજાપતિએ જાતે જઈને દરેક લારીવાળા અને પાથરણા વાળા ભાઈ-બહેનોને આદરપૂર્વક નાસ્તો કરાવ્યો હતો. સામાન્ય રીતે સમાજમાં આ શ્રમિક વર્ગની મહેનતને અવગણવામાં આવતી હોય છે, પરંતુ સંસ્થાએ તેમને કેન્દ્રમાં રાખી આ સેવાનું આયોજન કરીને સૌનું દિલ જીતી લીધું છે. દાતા દિલીપભાઈ પટેલે જણાવ્યું કે, મહેનતકશ લોકોના ચહેરા પરનું સ્મિત એ જ સાચી મૂડી છે. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખે ઉમેર્યું કે, "અમારી સંસ્થા હંમેશા એવા લોકોની વહારે આવવા માંગે છે જેઓ દિવસ-રાત કાળી મજૂરી કરીને પોતાનું ગુજરાન ચલાવે છે." પફ વિતરણની આ પ્રવૃત્તિ દરમિયાન શ્રમિકોમાં પણ હર્ષની લાગણી જોવા મળી હતી. 'સેવા પરમો ધર્મ' સંસ્થાના આ કાર્યની સોશિયલ મીડિયા અને સ્થાનિક સ્તરે વ્યાપક પ્રશંસા થઈ રહી છે. આવા નિઃસ્વાર્થ કાર્યો અન્ય લોકો માટે પણ પ્રેરણાસ્ત્રોત બની રહ્યા છે, જે સાબિત કરે છે કે જો મનમાં સેવાભાવ હોય અને દાતાઓનો સહકાર મળે, તો કોઈ પણ નાના પ્રયાસથી મોટું પરિવર્તન લાવી શકાય છે.



**'સેવા પરમો ધર્મ' સંસ્થા દ્વારા બલોલના દિલીપભાઈ પટેલના સહયોગથી માનવતાનું ઉમદા કાર્ય કરાયું. રોડ પર શાકભાજી વેચતા અને પાથરણા વાળા ૩૦૦ જેટલા શ્રમિકોને પફ ખવડાવી જઠરાગ્નિ તૃપ્ત કરવામાં આવી હતી.**

# લુણાવાડા: રાજસ્થાન હોટલની દાદાગીરી, હાઈવે પર અકસ્માતનો ભય

**દૈનિક પલ્સ સમાચાર:** લુણાવાડા-ગોધરા રોડ પર આવેલી રાજસ્થાન હોટલના માલિકની જોહુકમી આજે પરાકાષ્ઠાએ પહોંચી છે. હાઈવેના નિયમોને ઘોળીને પી જનાર આ હોટલ સંચાલકને જનતાના જીવની કોઈ પડી નથી. હોટલની સામે હાઈવે પર જ મન ફાવે તેમ વાહનોનું ગેરકાયદે પાર્કિંગ કરાવવામાં આવે છે, જેના કારણે આ વિસ્તાર 'એક્સિડન્ટ ઝોન' બની ગયો છે. ખાસ કરીને રાત્રીના સમયે આડેધડ ઉભેલા વાહનો જીવતા મોત સમાન ભાસે છે. જ્યારે જાગૃત નાગરિકો આ ગેરકાયદે પ્રવૃત્તિ અને તેનાથી સર્જાતા ભય અંગે રજૂઆત કરે છે, ત્યારે હોટલ માલિક પોતાની સત્તા કે વગના નશામાં છકી જઈને લુખ્ખી દાદાગીરી કરે છે. "જે થાય તે કરી લેવાની" ધમકીઓ આપીને તે સાબિત કરવા માંગે છે કે લુણાવાડામાં તેનું જ શાસન ચાલે છે. આ માલિકની ઉધ્ધતાઈ જોઈને પ્રશ્ન થાય છે કે શું સ્થાનિક તંત્ર કે ટ્રાફિક પોલીસ આ હોટલના હપ્તા પર જીવે છે? કેમ કોઈ અધિકારી હાઈવે પર થતા આ ગેરકાયદે પાર્કિંગને હટાવવાની હિંમત કરતું નથી?
એક તરફ સરકાર માર્ગ સલામતીના નામે મસમોટા દંડ વસૂલે છે, અને બીજી તરફ આવી હોટલો હાઈવેને બાનમાં લે છે ત્યારે તંત્રના બેવડા ધોરણો છતા થાય છે. જો આ રાજસ્થાન હોટલની મનમાનીને રોકવામાં નહીં આવે અને અહીં કોઈ દુર્ઘટના ઘટશે, તો તેની સંપૂર્ણ જવાબદારી માલિકની સાથે નિંભર તંત્રની પણ રહેશે. દૈનિક પલ્સ સમાચાર આ લુખ્ખી દાદાગીરી સામે જનતાનો અવાજ ઉઠાવતું રહેશે. શું કલેક્ટર કે એસપી આ જોહુકમી પર બુલડોઝર ફેરવશે કે પછી જનતાને આવી જ રીતે જોખમમાં મૂકતા રહેશે?

**લુણાવાડા-ગોધરા રોડ પર આવેલી રાજસ્થાન હોટલ હવે અકસ્માતનું કેન્દ્ર બની રહી છે. હોટલ સંચાલકો દ્વારા હાઈવે પર જ આડેધડ પાર્કિંગ કરાવવામાં આવે છે, જેના કારણે વાહનચાલકોના જીવ જોખમમાં મુકાયા છે. જ્યારે સ્થાનિકો આ અંગે રજૂઆત કરે છે, ત્યારે હોટલ માલિક "જે થાય તે કરી લો" કહી લુખ્ખી દાદાગીરી પર ઉતરી આવે છે. શું આ હોટલ માલિક કાયદાથી ઉપર છે? તંત્રની રહેમનજર હેઠળ ચાલતો આ ખેલ કોઈ મોટી જાનહાનિની રાહ જોઈ રહ્યો હોય તેમ લાગે છે.**

# ખેડા: “ગામનો નિર્ધાર” હેઠળ મંજીપુરા આંગણવાડીમાં પોષણ આહાર વિતરણ

## મંજીપુરા આંગણવાડી: પોષણ મિત્રો દ્વારા આહાર વિતરણ

**દૈનિક પલ્સ સમાચાર:** ખેડા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા બાળકોના ઉજ્જવળ ભવિષ્ય અને સ્વાસ્થ્ય માટે “ગામનો નિર્ધાર - સહકાર થી સાકાર” કાર્યક્રમ સફળતાપૂર્વક ચલાવવામાં આવી રહ્યો છે. જિલ્લા કલેક્ટરના વિઝન મુજબ, સમાજના દરેક વર્ગના સહયોગથી કુપોષણને નાબૂદ કરવા માટે ‘પોષણ મિત્ર’ ની ભૂમિકા અત્યંત મહત્વની સાબિત થઈ રહી છે. આ કડીમાં આજે મંજીપુરા ગામની આંગણવાડીમાં એક પ્રેરણાદાયી મુલાકાત લેવામાં આવી હતી. મુલાકાત દરમિયાન આંગણવાડીના નાનકડા ભૂલકાઓને ઉત્તમ ગુણવત્તાયુક્ત પોષણ વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં આર્યન અને પ્રોટીનથી ભરપૂર ખજૂર, ચણા અને શક્તિવર્ધક ચિક્કી તેમજ સૂકા મેવાનો સમાવેશ થાય છે. આ વિતરણનો ઉદ્દેશ્ય બાળકોને કુપોષણના ચક્રમાંથી બહાર લાવી તેમના શારીરિક અને માનસિક વિકાસને વેગ આપવાનો છે. કલેક્ટર સાહેબના આ વિચારને ગ્રામ્ય સ્તરે વ્યાપક પ્રતિસાદ મળી રહ્યો છે. પોષણ મિત્રોની આ સક્રિયતાને કારણે આંગણવાડીના બાળકોની હાજરીમાં પણ વધારો જોવા મળ્યો છે. આ કાર્યક્રમ માત્ર સરકારી યોજના ન બની રહેતા એક જન-આંદોલન બની રહ્યો છે, જ્યાં સહકાર દ્વારા બાળકોના સ્વાસ્થ્યનું લક્ષ્ય સાકાર થઈ રહ્યું છે. તંત્રના આ ભગીરથ કાર્યને સ્થાનિક ગ્રામજનો અને આગેવાનોએ પણ બિરદાવ્યું છે.

**ખેડા કલેક્ટરના “ગામનો નિર્ધાર - સહકાર થી સાકાર” અભિયાન હેઠળ મંજીપુરા આંગણવાડીમાં બાળકોને પોષણયુક્ત આહારનું વિતરણ કરાયું.**



# આહવા પોક્સો આરોપીની ધરપકડ

## પોક્સોના ગુનામાં નાસતો ફરતો આરોપી ગિરીશ બાગુલ ઝડપાયો

**દૈનિક પલ્સ સમાચાર:** ડાંગ જિલ્લામાં સગીરાઓની સુરક્ષા અને પોક્સોના કાયદાના કડક અમલીકરણના ભાગરૂપે આહવા પોલીસે નવસારી જિલ્લામાંથી એક રીઢા આરોપીને ઝડપી પાડ્યો છે. આ કેસની વિગત મુજબ, આરોપી ગિરીશ સોનજીભાઈ બાગુલ (રહે. મોરઝીરા, તા. આહવા) એ એક સગીરાને લગ્નની લાલચ આપી ફોસલાવીને તેનું અપહરણ કર્યું હતું. આ અંગે આહવા પોલીસ મથકે તાજેતરમાં બી.એન.એસ. ૨૦૨૩ ની વિવિધ કલમો અને પોક્સો એક્ટ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

આ ગંભીર ગુના બાદ આરોપી પોતાની ઓળખ છુપાવી નાસતો ફરતો હતો. ડાંગ પોલીસની ટીમે આ કેસમાં આધુનિક ટેકનોલોજી અને હ્યુમન સોર્સિસનો સુમેળ સાધીને તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. ટેકનિકલ એનાલીસીસના આધારે પોલીસને આરોપી નવસારીના ખાટાઆંબા ગામે હોવાની ચોક્કસ માહિતી મળી હતી. માહિતી મળતા જ પોલીસની ટીમે લોકેશન પર પહોંચી આરોપીને દબોચી લીધો હતો. આ કામગીરીને પગલે વિસ્તારમાં પોલીસની સતર્કતાની સરાહના થઈ રહી છે. પકડાયેલા આરોપી ગિરીશ બાગુલ વિરુદ્ધ હવે કાયદેસરની કોર્ટ કાર્યવાહી અને પુરાવા એકત્ર કરવાની કામગીરી હાથ ધરાશે. આ ધરપકડથી સમાજમાં એવો સંદેશ ગયો છે કે ગંભીર ગુના આચરીને કાયદાથી બચવું અશક્ય છે. **રિપોર્ટ : સંદીપ ચૌધરી**



# કાશ્મીરમાં સેનાની ગાડી ખીણમાં ખાબકતા ૧૦ જવાનો શહીદ, દેશમાં શોક

**દૈનિક પલ્સ સમાચાર:** જમ્મુ-કાશ્મીરના ડોડા જિલ્લામાં ભદ્રવાહ પહાડી માર્ગ પર ભારતીય સૈન્યની એક ગાડી ભયાનક અકસ્માતનો ભોગ બની છે, જેમાં 10 જવાનો શહીદ થયા હોવાના અતિ દુઃખદ સમાચાર પ્રાપ્ત થયા છે. આ ઘટના ત્યારે ઘટી જ્યારે સૈનિકોની એક ટુકડી વાહનમાં સવાર થઈને પોતાના નિર્ધારિત સ્થળ તરફ જઈ રહી હતી. પહાડી રસ્તાના અતિ જોખમી વળાંક પર ચાલકે વાહન પરનું નિયંત્રણ ગુમાવ્યું હતું, જેના પરિણામે ગાડી સીધી ઊંડી ખીણમાં જઈ પડી હતી. આ અકસ્માતમાં 10 જવાનોએ ઘટનાસ્થળે જ દમ તોડ્યો હતો, જ્યારે અન્ય 10 જવાનો ઘાયલ થયા છે. દુર્ઘટનાની જાણ થતા જ સેનાની ક્વિક રિસ્પોન્સ ટીમ (QRT) અને સ્થાનિક લોકો દ્વારા બચાવ કામગીરી શરૂ કરવામાં આવી હતી. ખીણ ઊંડી હોવાને કારણે જવાનોને બહાર કાઢવામાં ભારે જહેમત ઉઠાવવી પડી હતી. ઘાયલ થયેલા 10 સૈનિકોની હાલત અત્યારે હોસ્પિટલમાં સ્થિર હોવાનું જણાવાયું છે. જમ્મુ-કાશ્મીરના ઉપરાજ્યપાલ મનોજ સિન્હાએ આ ઘટના પર ઊંડા શોકની લાગણી વ્યક્ત કરી છે. તેમણે એક્સ પર એક ભાવુક પોસ્ટમાં લખ્યું કે, "ડોડાના ભદ્રવાહમાં થયેલી સૈન્ય દુર્ઘટનાના સમાચાર જાણીને હૃદય ભરાઈ આવ્યું છે. દેશની રક્ષા કરતા શહીદ થયેલા બહાદુર જવાનોને મારી વિનમ્ર શ્રદ્ધાંજલિ. શોકગ્રસ્ત પરિવારોને ભગવાન આ દુઃખ સહન કરવાની શક્તિ આપે." આ દુર્ઘટનાએ ફરી એકવાર સરહદી વિસ્તારોમાં સેનાના જવાનોની કઠિન જીવનશૈલી અને જોખમી મુસાફરીની યાદ અપાવી છે. સેનાએ આ મામલે કોર્ટ ઓફ ઇન્ક્વાયરીના આદેશ આપી દીધા છે, જેથી અકસ્માત પાછળના ચોક્કસ કારણો જાણી શકાય. શહીદ જવાનોના સન્માનમાં સ્થાનિક છાવણીઓમાં શોકનો માહોલ છે અને સમગ્ર દેશ શહીદોની શહાદતને નમન કરી રહ્યો છે. આશા છે કે ઘાયલ જવાનો વહેલી તકે સાજા થઈ ફરી દેશસેવામાં કાર્યરત થાય. **રિપોર્ટ : હસમુખ નાયક**




મહા રક્તદાન કેમ્પ

તા. ૨૬ જાન્યુઆરી ને પ્રજાસતાક દિન નિમિતે ધ્વજ વંદન કાર્યક્રમ અને સરકારી (સીવીલ) હોસ્પિટલના સહયોગથી થેલેસેમીયાગ્રસ્ત બાળકો માટે બ્લડ ડોનેશન કેમ્પનું ભવ્ય આયોજન રાખવામાં આવેલ છે.

તા. ૨૬-૦૧-૨૦૨૬ સમય : સોમવાર
સવારે ૮ : ૦૦ થી ૧ : ૦૦

તો આ ભગીરથ કાર્યમાં આપ સૌને સેવાના કાર્યમાં સહભાગી થવા હાર્દિક આમંત્રણ છે.

સ્થળ : સિલ્વર ગોલ્ડ રેસીડેન્સી, સરદાર વલ્લભભાઇ પટેલ માર્ગ, નાના મૌવા પાસે, ગરબી ચોક, રાજકોટ.

નિમંત્રક : સિલ્વર ગોલ્ડ રેસીડેન્સી
મો. ૯૮૨૫૩ ૮૩૩૨૭, ૯૮૭૯૦ ૨૨૮૨૮


# વડાલી: દૂષિત પાણીથી રોગચાળો વકર્યો, કલેક્ટર દોડતા થયા

**દૈનિક પલ્સ સમાચાર:** વડાલીમાં માનવસર્જિત આપત્તિ જેવી સ્થિતિ સર્જાઈ છે અને તેના જવાબદાર માત્ર ને માત્ર વડાલી નગરપાલિકાના બેજવાબદાર અધિકારીઓ છે. મહિનાઓથી દૂષિત પાણીની સમસ્યા અંગે મૌખિક અને લેખિત રજૂઆતો કરવા છતાં, સત્તાના નશામાં ચૂર અધિકારીઓએ જનતાના સ્વાસ્થ્યને ગંભીરતાથી લીધું નથી. પરિણામ આજે આપણી સામે છે - વડાલી સિવિલ હોસ્પિટલ બાળકો અને વૃદ્ધોથી ઉભરાઈ રહી છે. કોલેરા અને કમળા જેવી બીમારીઓએ શહેરમાં અજગરી ભરડો લીધો છે.

જ્યારે પાણીના સેમ્પલો ફેલ થયા ત્યારે તંત્રની ઊંઘ ઉડી અને કલેક્ટરશ્રીએ દોડતા થઈને બેઠકોનો દોર શરૂ કરવો પડ્યો. પરંતુ સવાલ એ છે કે આ પરિસ્થિતિ ઊભી થવા જ કેમ દીધી? રાજ્ય સરકાર નળ સે જળ અને શુદ્ધ પાણી માટે કરોડોની ગ્રાન્ટ આપે છે, તો વડાલીમાં એ ગ્રાન્ટ ગઈ ક્યાં? શું પાલિકાના એન્જિનિયરો અને કોન્ટ્રાક્ટરોની મિલીભગતે જનતાના મોં સુધી ગંદુ પાણી પહોંચાડવાનું કાવતરું ઘડ્યું છે? આરોગ્યની 16 ટીમો ઘરે-ઘરે ફરી રહી છે, પણ સમસ્યાના મૂળમાં તો એ પાઈપલાઈનો છે જેમાંથી ઝેરી પાણી સપ્લાય થઈ રહ્યું છે. નગરપાલિકાના ભ્રષ્ટ વહીવટના કારણે આજે સામાન્ય માણસ હોસ્પિટલના ખર્ચામાં દબાઈ રહ્યો છે. સ્થાનિક મામલતદારની ચેતવણીને પણ ઘોળીને પી જનાર આ પાલિકા તંત્ર સામે શું કલેક્ટર કડક પગલાં લેશે? કે પછી માત્ર બેઠકો કરીને સંતોષ માની લેવાશે? જો આગામી દિવસોમાં શુદ્ધ પાણીનો પુરવઠો શરૂ નહીં થાય, તો વડાલીની પ્રજા ગાંધીનગર સુધી લડત આપશે તે ચોક્કસ છે. દૈનિક પલ્સ સમાચાર આ લાપરવાહ તંત્રને સવાલ પૂછે છે: જનતાના જીવની કિંમત તમારા ભ્રષ્ટાચાર કરતા ઓછી છે? **રિપોર્ટ : વિશાલ ચૌહાણ**



# અંકલેશ્વર SIRમાં ગેરરીતિના આક્ષેપ: કોંગ્રેસ-આપના કાર્યકરોની અટકાયત

**દૈનિક પલ્સ સમાચાર:** અંકલેશ્વરના વિકાસ માટે મહત્વના ગણાતા SIR પ્રોજેક્ટમાં ગેરરીતિના આક્ષેપો હવે આંદોલનનું સ્વરૂપ લઈ રહ્યા છે. કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના કાર્યકરોએ આજે આ મુદ્દે મોટું પ્રદર્શન કર્યું હતું. વિપક્ષી દળોનો દાવો છે કે SIR ની કામગીરીમાં નક્કી કરેલા માપદંડોનું ઉલ્લંઘન થયું છે અને સત્તાપક્ષના સંગઠિત ભ્રષ્ટાચારને કારણે સામાન્ય જનતા અને ખેડૂતોને અન્યાય થઈ રહ્યો છે. આ વિરોધ પ્રદર્શનને કાબૂમાં લેવા માટે પોલીસે અટકાયતી પગલાં ભર્યા હતા, જેમાં બંને પક્ષના મુખ્ય કાર્યકરોને પોલીસ વાનમાં ભરીને લઈ જવામાં આવ્યા હતા.

પોલીસ દ્વારા કરવામાં આવેલી આ અટકાયતને અલોકતાંત્રિક ગણાવીને કોંગ્રેસના આગેવાનોએ ડિવિઝન પોલીસ મથકનો ઘેરાવો કર્યો હતો. પોલીસ મથકની અંદર અને બહાર મોટી સંખ્યામાં કાર્યકરો એકઠા થયા હતા અને સરકાર વિરોધી સૂત્રોચ્ચાર કર્યા હતા. આગેવાનોએ ધરણા પર બેસીને માંગ કરી હતી કે અટકાયત કરાયેલા કાર્યકરોને તાત્કાલિક અને બિનશરતી મુક્ત કરવામાં આવે. સ્થળ પર હાજર નેતાઓએ જણાવ્યું હતું કે, "અમે જનતાના ટેક્સના પૈસાનો દુરુપયોગ અને કામગીરીમાં થતી ગેરરીતિ સામે લડી રહ્યા છીએ. પોલીસનો ઉપયોગ કરીને અવાજ દબાવવાનો પ્રયાસ સફળ થશે નહીં." તેમણે વધુમાં ઉમેર્યું કે જ્યાં સુધી તમામ કાર્યકરો જેલમુક્ત નહીં થાય, ત્યાં સુધી આ ધરણા પ્રદર્શન સ્થગિત કરવામાં આવશે નહીં. અંકલેશ્વરમાં સર્જાયેલી આ પરિસ્થિતિને જોતા પોલીસ બંદોબસ્ત પણ વધારી દેવામાં આવ્યો છે. એક તરફ ભ્રષ્ટાચારના આક્ષેપ અને બીજી તરફ પોલીસની અટકાયતને કારણે અંકલેશ્વરનું રાજકીય તાપમાન અત્યારે ટોચ પર છે. આગામી સમયમાં આ મુદ્દો વધુ ઉગ્ર બને તેવા પૂરેપૂરા સંકેતો મળી રહ્યા છે. **રિપોર્ટ : શૈલેષ સોલંકી**



**અંકલેશ્વર SIR કામગીરીમાં ગેરરીતિના આક્ષેપ સાથે વિરોધ કરતા કોંગ્રેસ અને આપના કાર્યકરોની અટકાયત. પોલીસ મથકે ધરણા પ્રદર્શન શરૂ.**

# ભરૂચ: મહિલા કોન્સ્ટેબલનો ગળે ફાંસો ખાઈ આપઘાત

**દૈનિક પલ્સ સમાચાર:** ભરૂચ પોલીસ વિભાગમાં ફરજ બજાવતા એક મહિલા કર્મીના આપઘાતની ઘટનાએ સમગ્ર જિલ્લામાં અરેરાટી ફેલાવી દીધી છે. મૂળ ભાવનગરના વતની અને ભરૂચમાં મહિલા કોન્સ્ટેબલ તરીકે કાર્યરત પ્રીતિ ઉદેસિંહ પરમારે ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો છે.

મળતી માહિતી મુજબ, પ્રીતિબેન તેમની ફરજ પ્રત્યે નિષ્ઠાવાન હતા, પરંતુ તેમણે આટલું આત્યંતિક પગલું કેમ ભર્યું તે હજુ રહસ્ય છે. ઘટનાના પગલે આસપાસના લોકો અને પોલીસ કર્મચારીઓ એકઠા થઈ ગયા હતા. તંત્ર દ્વારા ઘટનાસ્થળની તપાસ કર્યા બાદ મૃતદેહને પીએમ અર્થે હોસ્પિટલ મોકલવામાં આવ્યો છે. આ દુઃખદ સમાચાર તેમના વતન ભાવનગર પહોંચતા જ પરિવારમાં માતમ છવાઈ ગયો છે. શુ તેઓ કોઈ માનસિક તણાવમાં હતા કે અન્ય કોઈ કારણ જવાબદાર છે, તે દિશામાં તપાસ ચાલી રહી છે. એક આશાસ્પદ મહિલા કર્મચારીના આ પ્રકારે નિધનથી પોલીસ વિભાગે એક સક્ષમ કર્મી ગુમાવ્યા છે.

**રિપોર્ટ : શૈલેષ સોલંકી**



# રિયલ નમકીન આંદોલન: સામાન્ય મજૂરો સાથે અન્યાય ક્યાં સુધી?

**દૈનિક પલ્સ સમાચાર:** આજે વાત કરવી છે એ મજૂરોની જેમના પરસેવાથી કંપનીઓ કરોડોનો નફો કરે છે, પણ જ્યારે વાત હકના પગારની આવે ત્યારે માલિકો 'અંધ' અને સરકાર 'બહેરી' બની જાય છે. રિયલ નમકીન કંપનીના શ્રમિકો છેલ્લા ચાર વર્ષથી પગાર વધારાની માંગ સાથે રસ્તા પર છે. આ દ્રશ્યો લોકશાહી માટે શરમજનક છે. એક બાજુ સરકાર પોતાના માનીતા બાબુઓના પગારમાં તોતિંગ વધારો કરે છે, તો બીજી બાજુ ખાનગી કંપનીના માલિકો મજૂરોનું શોષણ કરવામાં કોઈ કસર બાકી રાખતા નથી. મેનેજરો અને સુપરવાઈઝરોના ખિસ્સા દર વર્ષે ગરમ થાય છે, પરંતુ સામાન્ય મજૂર જે પાયાનું કામ કરે છે, તેની હાલત ઠેરની ઠેર છે.

સામાન્ય માણસ જે ઈમાનદારીથી ટેક્સ ભરે છે, તે વર્ષો સુધી ટિચાયા પછી પણ એક નાનકડો પગાર વધારો મેળવી શકતો નથી. માલિકોની જોહુકમી અને મનમાની એટલી હદે વધી ગઈ છે કે તેમને કોઈ કાયદાનો ડર નથી. સૌથી મોટો સવાલ સરકાર સામે છે: શું તમે માત્ર મૂડીપતિઓના રખેવાળ છો? મજૂરોના મત લઈને સત્તા પર આવતી સરકાર આજે કેમ મજૂરો માટે પગલાં લેતા ડરે છે? સરકારી તંત્ર અને મોટા ઉદ્યોગપતિઓની આ મિલીભગત સામાન્ય જનતાને કચડી રહી છે. આ માત્ર આંદોલન નથી, પણ શોષણ સામેનો આક્રોશ છે. જો સરકાર સમયસર જાગશે નહીં, તો આ આક્રોશ જ્વાળામુખી બનીને ફાટશે. શું આ સરકાર ખરેખર જનતાની છે, કે પછી માત્ર મોટા લૂંટારા શેઠિયાઓના ઈશારે ચાલતી કઠપૂતળી? દૈનિક પલ્સ સમાચાર આ શોષણ સામે અવાજ ઉઠાવતું રહેશે.


REAL Bites!
Patisserie | Bakery


**રિયલ નમકીનના મજૂરો વર્ષોથી પગાર વધારા માટે વલખાં મારી રહ્યા છે. સરકારી બાબુઓના ખિસ્સા ભરાય છે, પણ પરસેવો પાડતા મજૂરને અન્યાય જ મળે છે. શું સરકાર માત્ર લૂંટારા શેઠિયાઓની જ ગુલામ છે? સામાન્ય માણસ ક્યાં સુધી પીસાશે?**